dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year-08 | Issue-294 | AD-2025, Sravan Sud-04 | Monday, Dt.28-07-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### છેલ્લા કેટલાક અઠવાડિયામાં રમતગમત, વિજ્ઞાન કે સંસ્કૃતિમાં કંઈક એવું બન્યું છે જેના પર દરેક ભારતીય ગર્વ અનુભવે છે

## ૨૧મી સદીના ભારતમાં વિજ્ઞાન નવી ઉર્જા સાથે આગળ વધી રહ્યું છે : મોદી

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૭

વડાપ્રધાન મોદી આજે 'મન કી બાત'ના ૧૨૪મા એપિસોડ દ્વારા લોકોને મળ્યા. મોદીએ આ પ્રસંગે દેશ સમક્ષ પોતાના વિચારો રજૂ કર્યા. આ દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે, છેલ્લા કેટલાક અઠવાડિયામાં રમતગમત, વિજ્ઞાન કે સંસ્કૃતિમાં કંઈક એવું બન્યું છે જેના પર દરેક ભારતીય ગર્વ અનુભવે છે. તાજેતરમાં, શુભાંશુ શુક્લાના પૃથ્વી પર પાછા ફરવાની ચર્ચા થઈ હતી. આખો દેશ ગર્વથી છલકાઈ ગયો હતો. ઓગસ્ટ ૨૦૨૩ માં જ્યારે ચંદ્રયાન ૩ સફળતાપૂર્વક ઉતર્યું, ત્યારે એક નવું વાતાવરણ સર્જાયું. બાળકોમાં વિજ્ઞાન પ્રત્યે એક નવી ઉત્સુકતા જાગી. તમે ઈન્સ્પાયર માનક અભિયાનનું નામ સાંભળ્યું જ હશે. આમાં દરેક શાળામાંથી પાંચ બાળકો પસંદ કરવામાં આવે છે. દરેક બાળક એક નવો વિચાર લાવે છે. લાખો બાળકો તેમાં જોડાયા છે. ચંદ્રયાન ૩ ના લોન્ચ પછી, તેની સંખ્યા બમણી થઈ ગઈ છે. આવતા મહિને, ૨૩ ઓગસ્ટે રાષ્ટ્રીય અવકાશ દિવસ છે. તેની ઉજવણી માટે મને નવા વિચારો મોકલો. આજે ૨૧મી સદીના ભારતમાં, વિજ્ઞાન નવી ઉર્જા સાથે આગળ વધી રહ્યું છે. થોડા દિવસો પહેલા, આપણા વિદ્યાર્થીઓએ આંતરરાષ્ટ્રીય રસાયણશાસ્ત્ર ઓલિમ્પિયાડમાં મેડલ જીત્યા છે. દેવેશ પંકજ, સંદીપ કુચી, દેબદત્ત પ્રિયદર્શી અને ઉજ્જવલ કેસરી, આ ચારેય વિદ્યાર્થીઓએ ભારતનું નામ રોશન કર્યું છે. ભારતે ગણિતની દુનિયામાં પણ પોતાની ઓળખ મજબૂત કરી છે. ઓસ્ટ્રેલિયામાં યોજાયેલા આંતરરાષ્ટ્રીય ગણિત ઓલિમ્પિયાડમાં આપણા વિદ્યાર્થીઓએ ૩ ગોલ્ડ, ૨ સિલ્વર અને ૧ બ્રોન્ઝ મેડલ જીત્યા છે. ભારત હવે ઓલિમ્પિક્સ અને ઓલિમ્પિયાડમાં પ્રગતિ કરી રહ્યું છે.



યુનેસ્કોએ ૧૨ કિલ્લાઓને વર્લ્ડ હેરિટેજ સાઈટ્સ તરીકે માન્યતા આપી છે. આ બધા કિલ્લાઓ ઐતિહાસિક ઘટનાઓ સાથે સંકળાયેલા છે. દેશના અન્ય ભાગોમાં પણ આવા અદ્ભુત કિલ્લાઓ છે, જેમણે હુમલાઓનો સામનો કર્યો છે, ખરાબ હવામાનનો ભોગ બન્યા છે, પરંતુ ક્યારેય પોતાના સ્વાભિમાનને નમવા દીધા નથી. ચિત્તોડગઢ કિલ્લો, કુંભલગઢ કિલ્લો, રણથંભોર કિલ્લો, આમેર કિલ્લો, રાજસ્થાનનો જેસલમેર કિલ્લો વિશ્વ વિખ્યાત છે. કર્ણાટકમાં ગુલબર્ગા કિલ્લો પણ ખૂબ મોટો છે. ચિત્રદુર્ગા કિલ્લાની વિશાળતા તમને એ જિજ્ઞાસાથી પણ ભરી દેશે કે તે સમયમાં આ કિલ્લો કેવી રીતે બનાવવામાં આવ્યો હશે! ઉત્તર પ્રદેશના બાંદામાં કાલિંજર કિલ્લો છે. મહમુદ ગઝનવીએ આ કિલ્લા પર ઘણી વખત હુમલો કર્યો અને દરેક વખતે નિષ્ફળ ગયો. બુંદેલખંડ, ગ્વાલિયર, ઝાંસી, દતિયા, અજયગઢ, ગઢકુંડર, ચંદેરીમાં આવા ઘણા કિલ્લાઓ છે. આ કિલ્લાઓ ફક્ત ઈંટો અને પથ્થરો નથી, પરંતુ આપણી સંસ્કૃતિના પ્રતીકો છે. હું બધા દેશવાસીઓને આ કિલ્લાઓની મુલાકાત લેવા, તેમના ઈતિહાસને જાણવા વિનંતી કરું છું.


જરા કલ્પના કરો, સવાર પડી હતી, બિહારનું મુઝફ્ફરપુર શહેર, તારીખ ૧૧ ઓગસ્ટ ૧૯૦૮ છે, દરેક શેરી, દરેક ચોક, દરેક હિલચાલ તે સમયે થંભી ગઈ હોય તેવું લાગતું હતું. લોકોની આંખોમાં આંસુ હતા, પરંતુ તેમના હૃદયમાં આગ હતી. લોકોએ જેલને ઘેરી લીધી હતી, જ્યાં એક ૧૮ વર્ષનો યુવાન અંગ્રેજો સામે પોતાની દેશભક્તિ વ્યક્ત કરવાની કિંમત ચૂકવી રહ્યો હતો. જેલની અંદર, બ્રિટિશ અધિકારીઓ એક યુવાનને ફાંસી આપવાની તૈયારી કરી રહ્યા હતા. તે યુવાનના ચહેરા પર કોઈ ડર નહોતો, પણ તે ગર્વથી ભરેલો હતો. જે લોકો પોતાના દેશ માટે મરે છે તેમને જે ગર્વ હોય છે. તે બહાદુર, હિંમતવાન યુવાન ખુદીરામ બોઝ હતો. માત્ર ૧૮ વર્ષની ઉંમરે તેમણે એવી હિંમત બતાવી કે આખા દેશને હચમચાવી નાખ્યો. પછી અખબારોએ પણ લખ્યું, "જ્યારે ખુદીરામ બોઝ ફાંસી તરફ આગળ વધ્યા, ત્યારે તેમના ચહેરા પર સ્મિત હતું". આવા અસંખ્ય બલિદાન પછી, સદીઓની તપસ્યા પછી, આપણને આઝાદી મળી. લોકોએ સ્વતંત્રતા ચળવળને પોતાના લોહીથી સિંચી. ઓગસ્ટ મહિનો ક્રાંતિનો મહિનો છે.

### વાયર પકડીને ચાલતા લોકોને કરંટ લાગતા ભાગદોડ થઈ

## હરિદ્વારમાં મનસા દેવી મંદિરમાં નાસભાગ થતા ૬ લોકોના મોત

હરિદ્વાર,તા.૨૭

હરિદ્વારમાં આવેલા મનસા દેવી મંદિરમાં રવિવારે સવારે ૯:૧૫ વાગ્યે ભાગદોડ મચી ગઈ હતી. અત્યાર સુધીમાં ૬ લોકોના મોત થયા છે. ૨૯ લોકો ઘાયલ થયા છે. ગઢવાલ ડિવિઝન કમિશનર વિનય શંકર પાંડેએ જણાવ્યું હતું કે મંદિરમાં ભારે ભીડ એકઠી થવાને કારણે આ દુર્ઘટના થઈ હતી. નજરે જોનાર સંતોષ કુમારે જણાવ્યું હતું કે, જ્યારે મંદિર સુધી





પહોંચવા માટે લગભગ ૨૫ પગથિયાં બાકી હતા, ત્યારે દુર્ઘટના થઈ. ભારે ભીડને કારણે, લોકો વાયર પકડીને આગળ જઈ રહ્યા હતા. જેમાંથી કેટલાક વાયરો છૂટા પડી ગયા અને તેમાંથી કરંટ લાગ્યો અને લોકોમાં અફરા-તફરી મચી ગઈ હતી.આ તરફ, પોલીસે વીજકરંટ લાગવાની વાતને અફવા ગણાવી હતી. SSP પ્રમોદ સિંહ ડોભાલે જણાવ્યું હતું કે- અમને મનસા દેવી મંદિરમાં થયેલી નાસભાગમાં ૩૫ લોકો ઘાયલ થયા હોવાની માહિતી મળી હતી. આ લોકોને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જેમાંથી ૬ લોકોના મોત થયા હતા. બાકીના ઘાયલોની સારવાર ચાલી રહી છે.

### આયુષ્માન ભારત સ્કૂલ સ્વાસ્થ્ય મિશનનો પહેલો ટ્રાયલ ત્રિપુરામાં સફળ

## કેન્દ્ર સરકાર ૨૬ કરોડ સ્કૂલના બાળકોના સ્વાસ્થ્યની તપાસ શાળામાં જ કરે તેવી શક્યતા

ન્યૂ દિલ્હી,તા.૨૭

કેન્દ્ર સરકાર દેશના ૨૬ કરોડ સ્કૂલના બાળકોના માનસિક અને શારીરિક સ્વાસ્થ્યની તપાસ સ્કૂલમાં જ કરવા જઈ રહી છે. આયુષ્માન ભારત સ્કૂલ સ્વાસ્થ્ય મિશનનો પહેલો ટ્રાયલ ત્રિપુરામાં સફળ રહ્યો છે. આ અંતર્ગત, સ્કૂલમાં ૧૮ વર્ષ સુધીના બાળકોના સ્વાસ્થ્યનું મોનિટરિંગ ૩૦ પેરામીટર પર કરવામાં આવ્યું હતું. જેમાં ઈજા, હિંસા, અસુરક્ષિત સંબંધો, માનસિક અને ભાવનાત્મક



ડિસઓર્ડર, આક્રમકતા, હાડકાના વિકાર, દુર્બળતા-સ્થૂળતા, આંખની દૃષ્ટિ, ચામડીના રોગો, એનિમિયા વગેરેનો સમાવેશ થાય છે. આનાથી બાળકોના સમયસર કાઉન્સેલિંગ અને મેડિકલ તપાસનો માર્ગ ખુલ્યો. તેથી, હવે દેશભરમાં તેનો અમલ કરવાની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. જોકે, ૩૪ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ૩૮૮ જિલ્લાઓની ૩૦ હજાર સ્કૂલોમાં ૧.૫૦ કરોડ બાળકો પર પણ ટ્રાયલ કરવામાં આવી રહ્યા છે. તેના પરિણામો હજુ આવવાના બાકી છે. આ મિશન આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય અને માનવ સંસાધન વિકાસ મંત્રાલયની સંયુક્ત પહેલ છે, જેનો અમલ દેશભરની સરકારી અને પ્રાઈવેટ સ્કૂલોમાં તબક્કાવાર કરવામાં આવશે. તે નાના રાજ્યોથી શરૂ થશે.




## મણિપુરમાં તપાસ દરમિયાન ૯૦ હથિયારો, ૭૦૦ વિસ્ફોટકો જપ્ત

### મણિપુર પોલીસ, સીઆરપીએફ, બીએસએફ, સૈન્ય અને આસામ રાઇફલ્સ દ્વારા ઓપરેશન પાર પાડવામાં આવ્યું



ઈમ્ફાલ,તા.૨૭

મણિપુરમાં પાંચ જિલ્લાઓમાં સુરક્ષાદળોએ મોટાપાયે તપાસ અભિયાન ચલાવ્યું હતું. જે દરમિયાન આશરે ૯૦ જેટલા હથિયારો, ૭૦૦ વિસ્ફોટક સામગ્રી જપ્ત કરી હતી. મણિપુર પોલીસ, સીઆરપીએફ, બીએસએફ, સૈન્ય અને આસામ રાઈફલ્સ દ્વારા સંયુક્ત રીતે ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું, મણિપુરના પૂર્વ-પશ્ચિમ ઈમ્ફાલ, તૌબલ, કેકચિંગ, બિષ્નુપુર જિલ્લામાં દરોડા દરમિયાન ૯૦ હથિયારો મળ્યા હતા. જેમાં ત્રણ એકે સીરીઝ, એક એમ-૧૬ રાઈફલ, પાંચ ઈન્સાસ રાઈફલ્સ, ૨૦ પિસ્તોલ વગેરેને જપ્ત કરવામાં આવ્યા હતા. હથિયારો ઉપરાંત ઘાતક વિસ્ફોટક સામગ્રી પણ જપ્ત કરાઈ છે જેમાં ૭૨૮ વિસ્ફોટકો, ૨૧ ગ્રેનેડ્સ, ૭ આઈઈડીનો સમાવેશ થાય છે. આઈજી કબીબ કેએ કહ્યું હતું કે જે પણ હથિયારો હાલ જપ્ત કરાયા છે તેમાં એ હથિયારોનો પણ સમાવેશ થાય છે કે જેને મૈતેઈ, કુકી વચ્ચેની હિંસા દરમિયાન લૂંટી લેવાયા હતા. અત્યાર સુધીમાં પોલીસ કે સુરક્ષા દળોના સ્થળેથી આશરે ૭ હજાર જેટલા હથિયારો લૂંટી લેવામાં આવ્યા છે. જેમાંથી અડધા જેટલા હથિયારો પરત મેળવી લેવાયા છે.

## ખુરશી જનતાની સેવા માટે છે, ઘમંડ કે અહંકાર માટે નહી : સીજેઆઈ ગવઈ

અમરાવતી,તા.૨૭

મહારાષ્ટ્રના અમરાવતીમાં ન્યાયાલયની નવી બનેલી ભવ્ય ઈમારતનું ઉદ્ઘાટન કરતા મુખ્ય ન્યાયાધીશ બીઆર ગવઈએ ન્યાયતંત્ર, વહીવટી અધિકારીઓ અને વકીલ સમુદાયને મહત્વપૂર્ણ સંદેશો આપ્યો હતો. મુખ્ય ન્યાયાધીશ ગવઈએ કહ્યું કે, આ ખુરશી જનતાની સેવા માટે છે, ઘમંડ કે અહંકાર માટે નહીં. ખુરશી જો માથે ચઢી જાય તો તે સેવા નહીં પરંતુ પાપ બની જાય



છે. જે લોકોના માથામાં સત્તાનો મદ ચઢી ગયો હોય તે ન્યાય કરી શકે નહીં. મુખ્ય ન્યાયાધીશે વહીવટી અધિકારીઓ જ નહીં પરંતુ ન્યાયાધીશો અને વકીલોને પણ ખરું-ખોટું સંભળાવ્યું હતું. તેમણે કહ્યું કે, ન્યાયાધીશોએ વકીલોને સન્માન આપવું જોઈએ. આ કોર્ટ વકીલ અને ન્યાયાધીશો બંનેની છે. બીજી બાજુ જુનિયર વકીલોને ચેતવણી આપતા સૂરમાં તેમણે કહ્યું કે, ૨૫ વર્ષના વકીલ જજની ખુરશી પર બેસી જાય છે અને ૭૦ વર્ષના સિનિયર વકીલ આવે છે તો તેમના સન્માનમાં ઊભા પણ થતા નથી. તેમણે થોડીક તો શરમ કરવી જોઈએ. સિનિયરનું સન્માન કરવું જોઈએ.






સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
સોમવાર, તા. ૨૮-૦૭-૨૦૨૫

# ધારીમાં રહેતા ૧ ૨ ૧ વર્ષના વૃદ્ધા આજે પણ અડીખમ

અમરેલી,તા.૨૭

આજના સમયમાં ફાસ્ટ ફૂડ વાળી જિંદગીમાં લોકોનું આયુષ્ય ટૂંકુ થઈ રહ્યું છે ત્યારે યુવાનોને શરમ આવે તે રીતે ધારી ગામે રહેતા એક વૃદ્ધા ૧૨૧ વર્ષની ઉંમરે પણ અડીખમ જોવા મળી રહ્યા છે. હાલના સમયમાં યુવાનોમાં ફાસ્ટ ફૂડની લાઈફ જોવા મળી રહી છે. તીખું તમતમતું અને મસાલેદાર ખાણીપીણી અત્યારે જીવનનું એક અંગ બની ગયું છે. ફાસ્ટ ફૂડની જીવનશૈલીને કારણે લોકોનું આયુષ્ય ધીમે ધીમે ઓછું થઈ રહ્યું છે. જેમાં ખાસ કરીને યુવા અવસ્થામાં હૃદય રોગના હુમલાનું પણ પ્રમાણ વધવા પામ્યું છે ત્યારે ધારી ગામે રહેતા એક વૃદ્ધા હાલ ૧૨૧ વર્ષની ઉંમરે પણ હાલતા ચાલતા જોવા મળી રહ્યા છે. કાતરીયા પરિવારના સભ્યોનો દાવો છે કે તેમના દાદીની ઉંમર હાલ ૧૨૧ વર્ષની છે. હાલના સમયમાં ૭૦ થી ૮૦ વર્ષની ઉંમરે પહોંચવું પણ ખૂબ જ અઘરું માની શકાય ત્યારે આ વૃદ્ધા ૧૨૧ વર્ષે પણ હાલતા ચાલતા છે. આશ્ચર્યની વાત તો એ છે કે આવડી ઉંમરમાં પણ આ વૃદ્ધા સીડીના પગથિયાં કોઈપણની મદદ વગર ચડી જાય છે તેમજ રસોઈ ઘરમાં પણ બાળકોને ઈચ્છા મુજબ નાની-મોટી રસોઈ બનાવી આપે છે. ૧૨૧ વર્ષની ઉંમરે પહોંચ્યા બાદ પણ આ વૃદ્ધા આજે પોતાનું કામકાજ જાતે કરી લે છે જેમ કે સવારમાં વહેલા ઊઠીને ચા બનાવવી, મંદિરે જવું, ધૂન કીર્તનમાં જવુ આવવું. વૃદ્ધા કોઈપણની મદદ વગર ચાલતા જઈ શકે છે. વૃદ્ધાની ઉંમર ૧૨૧ વર્ષની થઈ હોવા છતાં તેઓ તંદુરસ્ત જીવન જીવી રહ્યા છે. આ ઉંમરમાં પણ તેમને હજુ દવા લેવાની પણ જરૂર પડી નથી. હાલ તો આ વૃદ્ધા યુવાનો માટે પ્રેરણાદાયી બન્યા છે.



## વૃદ્ધાની મોટી દીકરીની ઉંમર ૯૧ વર્ષ

કાતરીયા પરિવારના સભ્યો જણાવે છે કે વૃદ્ધાની મોટી દીકરી પણ હાલ હયાત છે તેમની મોટી દીકરીની ઉંમર પણ ૯૧ વર્ષ જેટલી છે.

## વૃદ્ધા આ ઉંમરે પણ વાંચી શકે છે

ધારીમાં રહેતા ૧૨૧ વર્ષની ઉંમરના વૃદ્ધા આ ઉંમરે પણ ચશ્મા વગર વાંચી શકે છે તેમજ પોતાના ઘરે સામાન્ય સિલાઈ કામ પણ કરી શકે છે.

# બગસરાની મેઘાણી હાઈસ્કૂલ ખાતે તાલુકા કક્ષાનો કલા મહાકુંભ યોજાયો

બગસરા, તા.૨૭

બગસરાની મેઘાણી હાઈસ્કૂલ ખાતે તાલુકા કક્ષાનો કલા મહાકુંભ યોજાયો હતો. આ કલા મહાકુંભમાં ૧૪ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. બગસરા પાલિકા પ્રમુખ પ્રતિનિધિ એ.વી. રીબડીયાએ દીપ પ્રાગટ્ય કરી કલા મહાકુંભને ખુલ્લો મુક્યો હતો. તાલુકા કક્ષાના આ કલા મહાકુંભમાં ૧૪ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી તેમજ ૨૬ શાળાઓના ૩૨૨ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ સમગ્ર આયોજન મેઘાણી હાઈસ્કૂલ દ્વારા કરવામાં આવ્યું હતું. કન્વીનર તરીકે મેઘાણી હાઈસ્કૂલના આચાર્ય વિનોદ જેઠવા રહ્યા હતા જ્યારે સમગ્ર કાર્યક્રમ સ્નેહી પરમારના માર્ગદર્શન નીચે યોજવામાં આવ્યો હતો.



# અમરેલી શહેરમાં વીજતંત્રની ઘોર બેદરકારીથી વેપાર ઉદ્યોગને માઠી અસર

અમરેલી,તા.૨૭

અમરેલીમાં શનિવારે વહેલી સવારે વીજળી ગુલ થઈ ગયા બાદ છે છેક સાંજના ચાર વાગે પરત ફરી હતી. જેના કારણે વેપાર ધંધાને માઠી અસર પહોંચી અને વેપારીઓમાં ભારે રોષનો માહોલ છવાયો હતો. સાત કલાક કરતા વધારે સમયથી વીજકાપ ઝીંકવામાં આવતા અમરેલી ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ કોમર્સના ઉપપ્રમુખ યોગેશભાઈ કોટેચાએ જણાવ્યું કે, અમરેલીમાં શનિવારે સવારથી શહેરના મોટાભાગના વિસ્તારમાં વીજળી ગુલ થઈ ગઈ હતી. આખો દિવસ વીજ પ્રવાહ બંધ રહ્યો હતો. ટાવર રોડ, મેઈન રોડ, હરિ રોડ સહિત શહેરના મુખ્ય વિસ્તારમાં ધંધા પણ ઠપ્પ થઈ ગયા હતા. લાંબો સમય વીજળી ગુલ થઈ જવાના કારણે વેપાર ધંધા ઉદ્યોગને ભારે માઠી અસર પહોંચી હતી. અમરેલીમાં ગુરૂવારના દિવસે વીજકાપ તો છે જ હવે શનિવારના દિવસે પણ શરૂ કરવામાં આવ્યો છે. હીરા બજારમાં પણ શનિવારે કારખાનેદારોને રજા આપવાની ફરજ પડે છે. સવારથી વીજળી ગુલ થયા બાદ છેક સાંજે ચાર વાગે પરત ફરી હતી. અધૂરામાં પુરૂ હોય તેમ રોજ બે કલાક ગમે ત્યારે વીજળી ગુલ થઈ જાય છે. છાશવારે વીજળી ગુલ થતી હોવાથી વેપાર-ધંધાને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

# નિવૃત્ત શિક્ષકોને બદલે નવા શિક્ષકોની ભરતી કરવા મુખ્યમંત્રી સમક્ષ માગણી

અમરેલી, તા. ૨૭

અમરેલીના જાગૃત નાગરિક હસમુખ પટેલે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પત્ર લખીને નિવૃત્ત શિક્ષકોની પુનઃ ભરતીનો નિર્ણય પાછો ખેંચીને નવા **B.Ed.** કરેલા તેમજ **TET/TAT** પાસ કે નાપાસ ઉમેદવારોની ભરતી કરવાની માગણી કરી છે. તેમણે જણાવ્યું હતું કે, શિક્ષણ વિભાગે શિક્ષકોની અછતને નિવારવા નિવૃત્ત શિક્ષકોની પુનઃ ભરતી કરવાના નિર્ણય અંગે ફરી વિચારણા કરવાની જરૂર છે. આ નિર્ણયથી **B.Ed.** પૂર્ણ કરેલા અને **TET/TAT** પરીક્ષા પાસ કરેલા કે ઉત્તીર્ણ ન થયેલા, પરંતુ શિક્ષક બનવાની પ્રબળ ઈચ્છા ધરાવતા હજારો યુવાનો માટે તકો મર્યાદિત બની રહી છે. આ યુવા ઉમેદવારો આધુનિક શિક્ષણ પદ્ધતિઓથી સજ્જ છે અને નિવૃત્ત શિક્ષકોને પેન્શન મળી રહ્યું જ હશે. જ્યારે શિક્ષિત બેરોજગાર માટે આ કામનું મહેનતાણું ઘણું ઉપયોગી થશે. હાલમાં, મોટી સંખ્યામાં **B.Ed.** ડિગ્રીધારકો ભરતીની રાહ જોઈ રહ્યા છે તેમને શિક્ષણ વ્યવસાયમાં પ્રવેશવાની તક આપવાથી બેરોજગારી ઘટશે. તેમણે આ પત્રની નકલ શિક્ષણ મંત્રીને પણ મોકલી છે.

# 'અમારા પર મેલી વિદ્યા કરી છે' ની શંકા રાખી યુવતીને ઢીકાપાટુ માર્યા

**જાફરાબાદ ટાઉનમાં યુવતીએ બે લોકો સામે ફરિયાદ નોંધાવી**

જાફરાબાદ, તા. ૨૭

જાફરાબાદ ટાઉનમાં અમારા પર મેલી વિદ્યા કરી છે તેવી શંકા કરી જેમ ફાવે તેમ ગાળો આપી ઢીકાપાટુ માર્યા હતા. બનાવ અંગે ભાણીબેન કાનજીભાઈ શિયાળએ શામજીભાઈ બારૈયા, જાહીબેન શામજીભાઈ બારૈયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, સામાવાળાને એમ લાગ્યું કે, તેણે તેમના પર મેલી વિદ્યા કરી છે તેવી શંકા રાખી જેમ ફાવે તેમ ગાળો આપી ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો.

# ચલાલામાં આવેલી સૈનિક સ્કૂલ ખાતે કારગિલ વિજય દિવસની ઉજવણી

અમરેલી,તા.૨૭

ચલાલા ખાતે આવેલ સૈનિક સ્કૂલ ખાતે કારગિલ વિજય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વીર જવાનોને શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી. ભારત સરકાર દ્વારા એવોર્ડથી સન્માનિત કરવામાં આવેલ તેવા મહેશભાઈ મહેતા, શીતલબેન મહેતા અને ચંદ્ર મૌલિક ખાસ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર આયોજન શાળાના પ્રિન્સિપાલ દ્વારા રાખવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા કારગિલ વિજય દિવસની એકબીજાને શુભકામના આપવામાં આવી હતી.




# ગોપાલગ્રામ ખાતે ઝાટકિયા હાઈસ્કૂલના બે શિક્ષકોનો વિદાય સમારંભ યોજાયો

અમરેલી,તા.૨૭

ધારી તાલુકાના ગોપાલગ્રામ ખાતે આવેલી ઓ.પી. ઝાટકિયા હાઈસ્કૂલમાં ફરજ બજાવતા નિમિષાબેન પરમાર તથા હરેશભાઈ ડાંગરની અન્ય શૈક્ષણિક સંસ્થામાં કાયમી નિમણૂક થતા શાળાના ટ્રસ્ટી સરપંચ તેમજ શાળા પરિવાર દ્વારા શુક્રવારના રોજ વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. શાળાના ટ્રસ્ટી પ્રતાપભાઈ વાળાએ પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે બંને શિક્ષકો દ્વારા અભ્યાસની સાથે અન્ય પ્રવૃત્તિઓમાં પણ તેમનું બહુમૂલ્ય યોગદાન કાયમી યાદ રહેશે. શાળા પરિવાર અને આચાર્ય દ્વારા તેમને ભેટ આપી દીર્ઘાયુ જીવનની કામના સાથે વિદાય આપવામાં આવી હતી.



# મોટા ઝીંઝુડા ગામે નિલકંઠ મહાદેવ મંદિર ખાતે ફુલકાજળી વ્રતની ઉજવણી કરવામાં આવી

સાવરકુંડલા, તા.૨૭

સાવરકુંડલા તાલુકાના મોટા ઝીંઝુડા ગામે આવેલા શ્રી નિલકંઠ મહાદેવ મંદિર ખાતે રવિવારે ફુલકાજળી વ્રતની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં નાની નાની બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને ભગવાન શિવની વિધિવત્ પૂજા-અર્ચના કરી હતી. મંદિરના પૂજારી અશોકબાપુએ જણાવ્યું હતું કે, ×આજે ફુલકાજળી વ્રત નિમિત્તે નાની બહેનોએ શ્રદ્ધાપૂર્વક અને ભક્તિભાવથી પૂજા કરી, જે ખૂબ જ પ્રેરણાદાયી હતું. આ વ્રત ભગવાન શિવની કૃપા અને આશીર્વાદ મેળવવા માટે ખૂબ જ મહત્વનું માનવામાં આવે છે.× આ પવિત્ર ઉત્સવ દરમિયાન મંદિર પરિસર ભક્તિમય વાતાવરણથી ભરાઈ ગયું હતું. ભક્તોએ પૂજા, આરતી અને ભજનો દ્વારા ભગવાન શિવની આરાધના કરી હતી.


તસવીર : સૌરભ દોશી









# ચલાલાના હુડલી ગામની સીમમાંથી જુગાર રમતા ૬ ઈસમો રૂ. ૩૪,૧૦૦ સાથે ઝડપાયા

ચલાલા,તા.૨૭

ભાવનગર રેન્જ આઈ.જી.પી. અને અમરેલી પોલીસ અધિક્ષકની સૂચના મુજબ, ચલાલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં જુગારબંધી માટે સઘન પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. પેટ્રોલિંગ દરમિયાન ખાનગી બાતમીના આધારે હુડલીથી રામપરા જવાના રસ્તા પરથી જાહેર જગ્યાએ ગંજીપત્તાના પાના વડે પૈસાની હાર-જીતનો જુગાર રમતા છ ઈસમોને પકડી પાડવામાં આવ્યા હતા. પોલીસે રોકડા રૂ. ૩૪,૧૦૦/- અને ગંજીપત્તાના પાના સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પકડાયેલા આરોપીઓમાં મહેશભાઈ ડાંગર, રઘુવીરભાઈ માંજરીયા, પ્રેમજીભાઈ રાઠોડ, પરશોત્તમભાઈ બલદાણીયા, મહેશભાઈ જેઠવા અને સાજીદભાઈ સૈયદનો સમાવેશ થાય છે. આ તમામ વિરુદ્ધ ચલાલા પોલીસ સ્ટેશનમાં જુગારધારા કલમ ૧૨ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.




આ કામગીરીમાં ચલાલા પોલીસ ઈન્સ. જી.આર. વસૈયા સહિતનો સ્ટાફ જોડાયો હતો.

# ધારી પંથકમાં નીલગાયના ત્રાસથી ખેડૂતોને ખેતીપાકના નુકસાનનો ભય

**નીલગાયના ટોળે-ટોળા ખેતરોમાં આવી ચડતા હોવાથી પાકનો સોથ વળી રહ્યો છે**

અમરેલી, તા.૨૭

અમરેલી જિલ્લામાં એક બાજુ મેઘરાજા મન મૂકીને વરસતા ન હોવાથી ખેડૂતોના ચહેરા પર ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે તો બીજી બાજુ નીલગાયના ટોળે-ટોળા ખેતરોમાં દોડતા હોવાથી ખેતી પાકનો સોથ વળી રહ્યો છે. ખાસ કરીને ધારી તાલુકાના ગોપાલગ્રામ, દહીડા, ઢોલરવા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં નીલગાયનો ત્રાસ છેલ્લા ઘણા સમયથી ખૂબ જ વધી રહ્યો છે. ખેડૂતોએ ચોમાસુ પાકનું વાવેતર કરી નાખ્યા બાદ અમરેલી જિલ્લામાં મેઘરાજા મન મૂકીને વરસતા નથી તો હવે નીલગાયોના ત્રાસથી ખેડૂતોની માઠી દશા બેઠી છે. વાવેતર કર્યા બાદ કપાસ અને મગફળી હજુ થોડા મોટા થયા છે ત્યાં નીલગાયના ધાડેધાડા ખેતરોમાં આંટા મારતા હોવાથી ખેતી પાકનો સોથ વળી રહ્યો છે. જેથી નીલગાયોને ખેતરોમાંથી દૂર કરવામાં આવે તેવી ખેડૂતોએ માંગ કરી છે.



# અમરેલી જિલ્લામાં બીપી અને ડાયાબિટીસ માટે વિશેષ સ્ક્રીનિંગ કેમ્પ

અમરેલી,તા.૨૭

ભારત સરકારના આરોગ્ય કાર્યક્રમ નેશનલ પ્રોગ્રામ ફોર પ્રિવેન્શન એન્ડ કંટ્રોલ ઓફ નોન કોમ્યુનિકેબલ ડીસીઝ (NP-NCD) હેઠળ હાયપરટેન્શન (બીપી) અને ડાયાબિટીસ વિશે જાગૃતિ લાવવા, નિયંત્રિત કરવા અને નિવારણ માટેના પગલાંને પ્રોત્સાહન આપવા સરકાર કટિબદ્ધ છે. આ અંતર્ગત, ૩૦ વર્ષ કે તેથી વધુ વયની વસ્તીનું NP-NCD અંતર્ગત સ્ક્રીનિંગ દર મંગળવારે અને શુક્રવારે અમરેલી જિલ્લાના દરેક સરકારી આરોગ્ય કેન્દ્રો ઉપર કરવામાં આવે છે. અમરેલી જિલ્લામાં જિલ્લા વિકાસ અધિકારી પી.બી. પંડ્યા અને માન. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. આર.એમ. જોષીના માર્ગદર્શન હેઠળ, તારીખ ૨૫/૦૭/૨૦૨૫, શુક્રવારના રોજ એક દિવસ માટે સ્પેશિયલ NP-NCD સ્ક્રીનિંગ કેમ્પ અમરેલી જિલ્લાના દરેક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને અર્બન હેલ્થ સેન્ટરો ઉપર યોજવામાં આવ્યો હતો.

**અમરેલી જિલ્લા કલેકટર કચેરીના કેમ્પસની આસપાસ ૫૦ મીટર ત્રિજયામાં**

# ઉપવાસ, સભા સહિતના કાર્યક્રમો પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ

**જાહેરનામાનો ભંગ કરનાર સામે ગુનો નોંધવામાં આવશે**

અમરેલી,તા.૨૭

અમરેલી જિલ્લા કલેકટર કચેરીના કેમ્પસ સહિતના આસપાસના ૫૦ મીટર ત્રિજ્યામાં આવેલા વિસ્તારમાં ઉપવાસ, સભા સહિતના કાર્યક્રમો પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું અધિક જિલ્લા મેજીસ્ટ્રેટે પ્રસિદ્ધ કર્યું હતું. અહીં અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ ૧૬૩ અંતર્ગત પ્રતિબંધિત વિસ્તાર જાહેર કર્યો છે. પ્રતિબંધિત વિસ્તારમાં ઉપવાસ પર બેસવું, પારણાં કાર્યક્રમ, સભાઓનું આયોજન કરવા સહિતના કાર્યક્રમો પર પ્રતિબંધ છે. જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવા સૂત્રો પોકારવા, અફવાઓ ફેલાવવી, હથિયાર સાથે રાખીને પ્રવેશ કરવો, કોઈપણ વિસ્ફોટક પદાર્થ અને આગ લાગે તેવા પદાર્થ, માનવ શરીરને નુકસાન થાય તેવા ઝેરી પદાર્થો સાથે રાખવા પર પણ પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. અમરેલી જિલ્લા કલેકટર કચેરીના કેમ્પસમાં આસપાસ પ્રતિબંધાત્મક આદેશ કરતું જાહેરનામું ૧૬ સપ્ટેમ્બર સુધી અમલમાં રહેશે. જાહેરનામાનો ભંગ કરનાર સામે ગુનો નોંધવામાં આવશે.

# બગસરા તાલુકા ભાજપ કાર્યાલય ખાતે કારગિલ વિજય દિવસની ઉજવણી




અમરેલી,તા.૨૭

બગસરા તાલુકા ભાજપ કાર્યાલય ખાતે કારગિલ વિજય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ભાજપ આગેવાનોએ બગસરાના નિવૃત્ત સૈનિકોનું સન્માન કર્યું હતું. આ ઉજવણીમાં શહેર ભાજપ પ્રમુખ ઘનશ્યામ સાદરાણી, જિલ્લા ભાજપ મંત્રી મનોજભાઈ મહીડા, ભરતભાઈ માંડલીયા, નટુબાપુ કુબાવત તેમજ તાલુકા ભાજપના આગેવાનો અને કાર્યકરો હાજર રહ્યા હતા.

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

ઇલાબેન મૂળજીભાઈ ડાભી(ઉ.વ.૬૮) તે હિરેનભાઈ મૂળજીભાઈ ડાભી, દેવેનભાઈ મૂળજીભાઈ ડાભીના માતાનું તા.૨૬/૭/૨૫ ને શનિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે સદગતનું બેસણું તા.૨૮/૭/૨૫ ને સોમવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે "પારખ" મહાજન શેરી, પાણી પુરવઠા ઓફિસની ઉપર દેવળા ગેઇટ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

સોમબાઈબેન ગૌરીશંકરભાઈ બોરીસાગર (ઉ.વ.૯૯) તે લાભશંકરભાઈ ગૌરીશંકરભાઈ બોરીસાગર, સુરેશભાઈ ગૌરીશંકરભાઈ બોરીસાગર, અશોકભાઈ ગૌરીશંકરભાઈ બોરીસાગર તા.૨૬/૭/૨૫ ને શનિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૨૮/૭/૨૫ ને સોમવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે રાજગોર બ્રાહ્મણ બોર્ડિંગ કૃષ્ણ પ્લોટ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

# અપહરણ તથા પોક્સોના ગુનામાં બાળ કિશોરને લાઠી પોલીસે શોધી કાઢ્યો

લાઠી,તા.૨૭

લાઠી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એસ. એમ. સોનીના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ ટીમ દ્વારા લાઠી પો. સ્ટે.માં પાર્ટ એ. ગુ.ર.નં. ૧૧૧૯૩૦૩૪૨૫૦૧૭૫/૨૦૨૫ BNS કલમ- ૧૩૭(૨), ૮૭ ૬૪(૨), (એમ) ૬૫(૧) તથા પોકસો એક્ટ કલમ-૪, ૬, ૮, ૧૮ મુજબના ગુનામાં ભોગ બનનારને કાયદાના સઘર્ષમાં આવેલ બાળ કિશોર સાથે શોધી કાઢી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાત તથા નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈ, અમરેલી વિભાગની સૂચના અને માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી.

# વડીયાની સુરગવાળા હાઈસ્કૂલ ખાતે કારગિલ વિજય દિવસની ઉજવણી

વડીયા,તા.૨૭

વડીયા સુરગવાળા સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે ભારત માતાના વીર સપૂતોને યાદ કરી કારગિલ વિજય દિવસની શૌર્યગાથાની ઉજવણી કરવામાં આવી હતી. આ તકે વડીયા નિવૃત્ત આર્મીમેન કિશોરભાઈ રાઠોડનું ભાજપ કાર્યકર્તાઓએ સાલ ઓઢાડી સન્માન કર્યું હતું. આ ઉજવણીમાં તુષારભાઈ ગણાત્રા, વડીયા તાલુકા યુવા ભાજપ પ્રમુખ અનિરુદ્ધભાઈ બોરીચા, સુરગવાળા સાર્વજનિક હાઈસ્કૂલના પ્રિન્સિપાલ દિલીપભાઈ પાદરીયા તેમજ શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.




**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૨૨૨/૨૦૨૫

અરજદાર : શ્રી કુરેશી મહેબુબભાઈ હનીફભાઈ
સરનામુ : મું.સૈઈફુલા સોસાયટી, તુર્કી મહોલ્લા, જાફરાબાદ તા.જાફરાબાદ જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને ચીફ ઓફીસરશ્રી - જાફરાબાદ નગરપાલીકા મું.જાફરાબાદ તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના જાફરાબાદ** ગામના **શ્રી કુરેશી મહેબુબભાઈ હનીફભાઈ** એ તેમના **બહેન નામે શ્રી રઈસા હનીફભાઈ કુરેશી નો જન્મ** તા.૦૧/૦૬/૧૯૭૫ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એસ.વી.વઢવાણા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૮ માહે. જુલાઈ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખઃ- ૧૮/૦૭/૨૦૨૫
(કોર્ટનો સિક્કો)
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ



**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૧૭૬/૨૦૨૫

અરજદાર : શ્રી હલીમાબેન કમાલુદીન સોરઠીયા
સરનામુ : મું.તુર્કી મહોલ્લા, લાતીની સામેનો વિસ્તાર, જાફરાબાદ તા.જાફરાબાદ જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને ચીફ ઓફીસરશ્રી - નગરપાલીકા જાફરાબાદ મું.જાફરાબાદ તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના જાફરાબાદ** ગામના **શ્રી હલીમાબેન કમાલુદીન સોરઠીયા** એ તેમના **ભત્રીજા નામે શ્રી નિયાઝ હુસેનભાઈ નરપાલી નો જન્મ** તા.૦૧/૦૬/૧૯૬૫ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી ઉમેશભાઈ વી.વરૂ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૬ માહે. જુલાઈ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખઃ- ૧૬/૦૭/૨૦૨૫
(કોર્ટનો સિક્કો)
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ



**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૨૨૪/૨૦૨૫

અરજદાર : શ્રી ભટી હસીનાબેન મહમદભાઈ
સરનામુ : મું.તુર્કી મહોલ્લા, લાતિનો સામેનો વિસ્તાર, જાફરાબાદ તા.જાફરાબાદ જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને ચીફ ઓફીસરશ્રી - જાફરાબાદ નગરપાલીકા મું.જાફરાબાદ તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના જાફરાબાદ** ગામના **શ્રી ભટી હસીનાબેન મહમદભાઈ** એ તેમના **પુત્રી નામે શ્રી શેરબાનુ મહમદભાઈ ભટી નો જન્મ** તા.૦૧/૦૬/૧૯૭૦ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એસ.વી.વઢવાણા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૮ માહે. જુલાઈ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખઃ- ૧૮/૦૭/૨૦૨૫
(કોર્ટનો સિક્કો)
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ


# અમરેલીના ઈશ્વરીયા નજીકથી આઠ ભેંસ, બે પાડાને બચાવાયા

અમરેલી, તા.૨૭

અમરેલીના ઈશ્વરીયા ગામ નજીકથી કતલખાને ધકેલાતી આઠ ભેંસ અને બે પાડાને બચાવી લેવામાં આવ્યા હતા. ઈકબાલભાઈ ગુલમહમદભાઈ કુરેશી (ઉ.વ.૫૩) તેમના હવાલાના ટ્રકમાં આઠ ભેંસ તથા બે પાડાને કોઈપણ પ્રકારના ઘાસચારા અને પાણીની સગવડતા વગર ખીચોખીચ રીતે બાંધીને લઈ જતા ઝડપાયા હતા.


**નામ બદલાવેલ છે**

હું આથી જાહેર કરનાર, અનિષા અવેશ ડબાવાલા મારું જૂનું નામ :- અનિષાબાનુ ફિરોઝ ડોસાણી થી બદલી ને નવું નામ :- અનિષા અવેશ ડબાવાલા કરવામાં આવ્યું છે. તેથી હું અનિષા અવેશ ડબાવાલા તરીકે ઓળખાવ છું

સહી :- અનિષા અવેશ ડબાવાલા
સરનામું :- ૫૬૪, ભાટિયા શેરી-૦૨, ગોટાળા ભવન પાસે, અમરેલી - ૩૬૫૬૦૧



**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૨૨૩/૨૦૨૫

અરજદાર : શ્રી મનુગીરી ભવનગીરી ગૌસ્વામી
સરનામુ : મું.બાવા શેરી, જાફરાબાદ તા.જાફરાબાદ જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને ચીફ ઓફીસરશ્રી - જાફરાબાદ નગરપાલીકા મું.જાફરાબાદ તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના જાફરાબાદ** ગામના **શ્રી મનુગીરી ભવનગીરી ગૌસ્વામી** એ તેમના **ભત્રીજા નામે શ્રી જીતેન્દ્રગીરી મહારાજગીરી ગૌસ્વામી નો જન્મ** તા.૧૧/૦૭/૧૯૬૫ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એસ.વી.વઢવાણા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૮ માહે. જુલાઈ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખઃ- ૧૮/૦૭/૨૦૨૫
(કોર્ટનો સિક્કો)
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ



**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૧૯૨/૨૦૨૫

અરજદાર : શ્રી રફાઈ યુનુશ ચાંદહુસેન
સરનામુ : મું.તુર્કી મહોલ્લા, લાતીની સામેનો વિસ્તાર, જાફરાબાદ તા.જાફરાબાદ જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને ચીફ ઓફીસરશ્રી - નગરપાલીકા જાફરાબાદ મું.જાફરાબાદ તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના જાફરાબાદ** ગામના **શ્રી રફાઈ યુનુશ ચાંદહુસેન** એ તેમના **પિતા નામે શ્રી ચાંદહુસેન મહમદહુસેન રફાઈ નું મરણ** તા.૦૧/૦૪/૨૦૧૫ નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી ઉમેશભાઈ વી.વરૂ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૬ માહે. જુલાઈ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખઃ- ૧૬/૦૭/૨૦૨૫
(કોર્ટનો સિક્કો)
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ



**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૧૯૧/૨૦૨૫

અરજદાર : શ્રી લખુબેન ભગુભાઈ બારૈયા
સરનામુ : મું.પીપળીકાંઠા, રત્નાગર સોસાયટી, જાફરાબાદ તા.જાફરાબાદ જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને ચીફ ઓફીસરશ્રી - નગરપાલીકા જાફરાબાદ મું.જાફરાબાદ તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના જાફરાબાદ** ગામના **શ્રી લખુબેન ભગુભાઈ બારૈયા** એ તેમના **ભાણેજ નામેશ્રી કાનજીભાઈ ભીખાભાઈ સોલંકી નો જન્મ** તા.૨૫/૦૯/૧૯૮૬ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી ઉમેશભાઈ વી.વરૂ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૬ માહે. જુલાઈ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખઃ- ૧૬/૦૭/૨૦૨૫
(કોર્ટનો સિક્કો)
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ



**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૧૭૭/૨૦૨૫

અરજદાર : શ્રી નિયાઝભાઈ હુસેનભાઈ નરપાલી
સરનામુ : મું.તુર્કી મહોલ્લા લાઈટ હાઉસ રોડ, જાફરાબાદ તા.જાફરાબાદ જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને ચીફ ઓફીસરશ્રી - નગરપાલીકા જાફરાબાદ મું.જાફરાબાદ તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના જાફરાબાદ** ગામના **શ્રી નિયાઝભાઈ હુસેનભાઈ નરપાલી** એ તેમના **ભાઈ નામેશ્રી ઈકબાલભાઈ હુસેનભાઈ નરપાલી નો જન્મ** તા.૦૧/૦૬/૧૯૬૮ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી ઉમેશભાઈ વી.વરૂ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૬ માહે. જુલાઈ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખઃ- ૧૬/૦૭/૨૦૨૫
(કોર્ટનો સિક્કો)
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

# ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવેનું ઉદ્ઘાટન થાય તે પહેલા તિરાડો પડી

**રસ્તાની કામગીરી પર ગંભીર સવાલો ઉઠયા, ભ્રષ્ટાચારની આશંકા વ્યકત કરાઈ**

રાજુલા, તા.૨૭

દેશમાં એક તરફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસના દાવાઓ કરવામાં આવી રહ્યા છે, ત્યારે બીજી તરફ ઊભી થઈ રહેલી સુવિધાઓની હકીકત કંઈક જુદી જ છે. ભાવનગર-સોમનાથને જોડતો નેશનલ હાઈવે આજે લોકો માટે ભયનો રસ્તો બની ગયો છે. આ રસ્તાનું ઉદ્ઘાટન થાય તે પહેલા જ તૂટી પડેલા આ માર્ગની કામગીરીની ગુણવત્તા પર ગંભીર સવાલો ઊભા થયા છે અને લોકો ભ્રષ્ટાચારની આશંકા વ્યક્ત કરી રહ્યા છે. ખાસ તો અમરેલી જિલ્લામાંથી પસાર થતા હાઈવેનો ભાગ તાજેતરમાં જ ખુલ્યો હોવા છતાં આજે તેમાં ભયાનક તિરાડો પડી રહી છે અને માર્ગ બેસી



તસવીર : ગોપાલ રાઠોડ

ગયો છે. આ હાઈવે તાજેતરમાં જ બનીને તૈયાર થયો હતો અને હજુ એક વર્ષ પણ પૂરું નથી થયું કે તેમાં અનેક જગ્યાએ તિરાડો પડી ગઈ છે, બ્રિજ બેસી જાય છે અને પેચ ઊખડી ગયા છે. એક બાજુ હાઈવેનું લોકાર્પણ પણ હજુ થયું નથી છતાં તાત્કાલિક વાહન વ્યવહાર માટે ખુલ્લો મુકાઈ જવા છતાં હવે એ નિર્ણયો પર લોકો સવાલો ઉઠાવી રહ્યા છે. રસ્તાની બિસ્માર હાલતથી પસાર થતા વાહનચાલકો ઊછળતા હોવાથી અકસ્માતનો સતત ભય રહે છે.

# મહિલાને દાતરડું બતાવી 'ક્યાં ગયો તારો પતિ, બંનેને મારી નાખવા છે' કહી ધમકી આપી

**સાવરકુંડલા શહેરનો બનાવ**

સાવરકુંડલા, તા. ૨૭

સાવરકંડલામાં રહેતી એક મહિલાના ઘર પાસે યુવક નશાની હાલતમાં આંટાફેરા મારતો હતો. જેથી તેને જતા રહેવાનું કહેતા ગાળો બોલીને તેના પતિ સાથે ઝપાઝપી કરી હતી. ઉપરાંત દાતરડું લઈ મહિલા પાસે આવી 'ક્યાં ગયો તારો પતિ તમને બંનેને જાનથી મારી નાખવા છે' તેમ કહ્યું હતું. બનાવ અંગે કવિતાબેન ઉર્ફે જેઠીબેન કાંતિભાઈ વાળાએ વિનુભાઈ નાથાભાઈ કુડેચા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ તથા તેના પતિ પોતાના ઘરે હાજર હોય તે વખતે આરોપી તેના ઘર પાસે નશો કરેલી હાલતમાં આંટાફેરા મારતો હતો. જેથી તેને જતા રહેવાનું કહેતા જેમ ફાવે તેમ ગાળો આપીને તેના પતિ સાથે ઝપાઝપી કરી હતી. તે બાબતનું મનદુઃખ રાખી તેમના ઘર પાસે રહેતા શૈલેષભાઈ મુંજપરાના ઘરે ફળીયામાં આવી તેમને તથા તેના પતિને જેમ ફાવે તેમ ગાળો બોલીને 'તમે મને જેલમાં પુરવ્યો હતો' તેમ કહી તેના હાથમાં રહેલું દાતરડું લઈ તેમને 'ક્યાં ગયો તારો પતિ તમને બન્નેને જાનથી મારી નાખવા છે' તેમ કહ્યું હતું. જે બાદ વિનુભાઈ ઉર્ફે બાદશાહ નાથાભાઈ કુડેચાએ કાંતિભાઈ વાળા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ પોતાના ઘરેથી હાથસણી રોડ ઉપર ચાલીને જતા હતા અને આરોપીના ઘર પાસે રોડ ઉપર બેસી જતા સારૂ નહોતું લાગ્યું અને ત્યાંથી જતા રહેવાનું કહ્યું હતું. જેથી તેમણે 'હું અમસ્તા બેઠો છું તમે કહો તો જતો રહું' તેમ કહેતા તેમને ઉભા કરી ગાળો દઈ ઝપાઝપી કરીને ફરીથી અહીં બેસવા આવીશ તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ કેતનભાઈ દેવજીભાઈ રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# ચલાલા મીઠાપુર રોડ રેલવે ફાટક પાસે શેરીમાંથી ત્રણ પત્તાપ્રેમી પકડાયા

**પોલીસે રોકડ રકમ રૂ.૩૨૪૦નો મુદ્દામાલ કબજે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધ્યો**

ચલાલા, તા.૨૭

ચલાલા મીઠાપુર રોડ રેલવે ફાટક પાસે શેરીમાંથી ત્રણ લોકો જુગાર રમતાં ઝડપાયા હતા.

તેમની પાસેથી ૩૨૪૦ રૂપિયાનો મુદ્દામાલ મળી આવ્યો હતો. હાસમશા વલીશા રફાઈ, કાંતીભાઈ ગાંડુભાઈ વાઘેલા તથા રજાકશા આામદશા રફાઈ જાહેરમાં ગંજીપત્તાના પાના વડે તીનપત્તીનો રોન નામનો હારજીતનો જુગાર રમતાં રોકડા ૩૨૪૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા.

ચલાલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ રવિભાઈ ખોડાભાઈ બગડા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલા-કવાંટ રૂટની એસ.ટી. બસ બ્રેકડાઉન થતા કર્મચારી મંડળના પ્રમુખ દિલીપસિંહ ગોહિલ મદદે આવ્યા

લીલીયા, તા.૨૭

ખરેખર જેને સેવા કરવી છે, તે કોઈ બહાના નથી બતાવતા. આવી જ એક ઘટના વટામણથી પીપળી જતાં રોડ પર બની હતી. સાવરકુંડલા ડેપોની એસ.ટી. બસ કવાંટ-સાવરકુંડલા રૂટ પર પીપળી પાસે પહોંચતા એક સામાન્ય ટેકનિકલ ખામીને કારણે રસ્તામાં બંધ પડી ગઈ હતી. બસના ડ્રાઈવર અશરફભાઈ બેલીમ (લીલીયા વાળા) અને કંડક્ટર વાલજીભાઈ સોંદરવા બંધ પડેલી બસ ચાલુ કરવા મહેનત કરી રહ્યા હતા. તે જ સમયે, એસ. ટી. કર્મચારી મહામંડળના પ્રમુખ દિલીપસિંહ ગોહિલ ત્યાંથી પોતાની ગાડીમાં પસાર થયા હતા. તેમણે 'ગીર' લખેલી નિગમની ગાડી જોઈ અને પોતાની ગાડી ઊભી રખાવી.



ગાડીના પ્રોબ્લેમ વિશે ડ્રાઈવર અશરફભાઈ પાસેથી માહિતી મેળવીને તરત જ પોતાની ગાડીના ડ્રાઈવર પ્રહલાદસિંહ ગોહિલને સાથે રાખીને નજીકના એક ગેરેજમાંથી જરૂરી સાધનો લઈને બંધ પડેલી બસને ફરીથી ચાલુ કરી બસને તેના રૂટ પર જવા રવાના કરવામાં આવી હતી. આ ઉમદા સેવા જોઈને ડ્રાઈવર અને કંડક્ટરની સાથે તમામ મુસાફરો ખૂબ આનંદિત થયા અને દિલીપસિંહ તથા તેમના ડ્રાઈવરનો ખૂબ ખૂબ આભાર માન્યો હતો.

# સાવરકુંડલામાં રહેતા યુવકને ગાળો બોલી ઢીકાપાટુ માર્યા

**યુવકે બે શખ્સો સામે સાવરકુંડલા ટાઉન પોલીસમાં ફરિયાદ નોંધાવી**

સાવરકુંડલા, તા. ૨૭

સાવરકુંડલામાં રહેતા એક યુવકને ગાળો બોલી ઢીકાપાટુનો મુંઢમાર મારવામાં આવ્યો હતો. બનાવ અંગે મિલનભાઈ ઉર્ફએ મનરાજ દિલીપભાઈ મકવાણા (ઉ.વ.૨૧)એ મીત દિનેશભાઈ પરમાર તથા એક અજાણ્યા ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ મીત પરમારે તેમના ઘરે આવી અશ્લીલ ગાળો આપી હતી. તેમજ લાકડા વડે ડાબા પગે નળાના ભાગે મારતાં મુંઢ ઈજા પહોંચાડી હતી. અજાણ્યા ઈસમે ઢીકાપાટુનો માર માર્યો હતો. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ. બી. મારુ વધુ તપાસ કરી રહ્યા છે.

# સા.કુંડલાના ખડસલી ગામે મહેન્દ્રભાઈ વિંછીયાનો સત્કાર સમારોહ યોજાયો

**ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘમાં ખજાનચી તરીકે નિમણૂક થતા આવકાર**

અમરેલી તા ૨૭

સાવરકુંડલા તાલુકાના ખડસલી ગામે પ્રાથમિક શાળા ખાતે ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘમાં ખજાનચી તરીકે નિમણૂક પામનાર મહેન્દ્રભાઈ વિંછીયાનું સન્માન કરવામાં આવ્યું હતું. શિક્ષક સંઘના તમામ



સભ્યો તેમ જ આચાર્ય ગણ અને શિક્ષક ગણ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં મહેન્દ્રભાઈ વિંછીયાને શાલ ઓઢાડી પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ વીજપડી પે સેન્ટર શાળા તેમજ પેટાશાળા દ્વારા તેમનું મોમેન્ટો આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

# સાવરકુંડલાના નેસડી રોડના ગેટ પાસેથી ફોરવ્હીલમાં થતી દારૂની ખેપ ઝડપાઈ

સાવરકુંડલા, તા.૨૭

સાવરકુંડલના નેસડી રોડના ગેટ પાસેથી ફોરવ્હીલમાં થતી દારૂની ખેપ ઝડપાઈ હતી. પોલીસે કુલ ૬.૩૭,૬૩૬ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. મેરીયાણા ગામના ભોજભાઈ નનકુભાઈ ધાધલ ઉપરોક્ત જગ્યાએથી ફોરવ્હીલ લઈને પસાર થતાં હતા ત્યારે અટકાવી તલાશી લેતાં ભારતીય બનાવટના વિદેશી દારૂની વિવિધ બ્રાંડની ૨૬૪ બોટલ મળી આવી હતી. પોલીસે દારૂની બોટલ, ફોરવ્હીલ, મોબાઈલ મળી કુલ ૬,૩૭,૬૩૬ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તેમણે આ દારૂ માવજીંજવાના મહીપતભાઈ દડુભાઈ નાટાએ મંગાવ્યો હોવાનું અને શેલણા ગામના મનુભાઈ રામભાઈ પટગીરે મોકલ્યો હોવાની કબૂલાત કરી હતી. કથીવદર ગામેથી ૧૫ લીટર અને વંડા ગામેથી ૨ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. જિલ્લામાંથી ૮ લોકો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

# મોટા ઝીંઝુડા ગામે ચેપી અને બિનચેપી રોગોની આરોગ્ય તપાસણી કરવામાં આવી

અમરેલી,તા.૨૭

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મોટા ઝીંઝુડામાં નોન કોમ્યુકેબલ સીઝ (NCD) બીન ચેપી રોગના હેલ્થ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટા ઝિંઝુડા ગામના સરપંચ પંકજભાઈ ઉનાવા દ્વારા તથા તાલુકા પંચાયત સદસ્ય ઈલાબેન દ્વારા કેમ્પને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ કેમ્પની અંદર ૩૦ વર્ષથી વધુ



ઉંમરના તમામ લાભાર્થીઓનું સ્ક્રિનિંગ કરી જરૂરી લેબોરેટરી તપાસ અને દવાઓ આપવામાં આવી તથા સગર્ભા માતાની તપાસ અને જરૂરી દવાઓ આપવામાં આવી હતી. કેમ્પનો ૭૦ જેટલા લાભાર્થીઓએ લાભ મેળવ્યો હતો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: ચોથ
તા. ૨૮-૦૭-૨૦૨૫, સોમવાર, સૂર્યોદય-૦૫:૩૯,
સૂર્યાસ્ત-૦૭:૧૪, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: પૂર્વ ફાલ્ગુની

## દૈનિક રાશિફળ

તા.૨૮-૦૭-૨૦૨૫ સોમવાર

મેષ: આજનો દિવસ તમને શુભ ફળ આપવાનો છે અને તમને આજે ફાયદાકારક પરિણામો મળશે. ધંધામાં જોખમ લેવાનું આજે ફાયદાકારક રહેશે.

વૃષભ: આજે તમને નોકરી અને ધંધાકીય બાબતમાં પણ સફળતા મળી શકે છે. આજે સાંજના પાંચ વાગ્યા સુધીમાં ખાસ ડીલ ફાઇનલ થઈ શકે છે.

મિથુન: આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે. ધર્મ પ્રત્યે તમારી રુચિ ખૂબ વધી જશે. આ વ્યસ્તતામાં ભણવામાં થોડો સમય કાઢવો સારો રહેશે.

કર્ક: આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સજાગ રહેવાનો છે. હવામાનના બદલાવથી સમશીતોષ્ણ વિકાર ઊભા થઈ શકે છે. ખોરાકમાં બેદરકારી ના રાખવી.

સિંહ: આજનો દિવસ તમારા માટે શુભ છે અને આજે તમારું મન નવી યોજનાઓ કરવા માટે તૈયાર રહેશે. કોઈ મંદિરની મુલાકાત લેવાનું વિચારી શકો છો.

કન્યા: આજનો દિવસ તમારા માટે દરેક બાબતમાં સાવધ રહેવાનો છે. સંયમ અને સાવધાની રાખવી. કોઈ શુભ કાર્યની ચર્ચા થઈ શકે છે.

તુલા: આજનો દિવસ ખૂબ સર્જનાત્મક છે. તમે કોઈપણ રચનાત્મક અને કલાત્મક કાર્ય પૂર્ણ કરવામાં દિવસો વિતાવી શકો છો.

વૃશ્ચિક: આજનો દિવસ લાભકારી સાબિત થઈ શકે છે. કાર્ય વર્તનથી સંબંધિત તમામ વિવાદો આજે ઉકેલી શકાય છે.

ધન: આજે દરેક બાબતે ખાસ કાળજીથી સંભાળવાની જરૂર છે. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે.

મકર: આજનો દિવસ ખૂબ જ શુભ દિવસ છે અને તમને સારા પરિણામ મળશે. આજનો દિવસ બીજાને મદદ કરવાનો રહેશે.

કુંભ: આજનો દિવસ ઉત્તમ બની શકે છે. આજીવિકાની દ્રષ્ટિએ આજે તમને સફળતા મળશે. દિવસ દરમિયાન લાભની તકો મળશે, તેથી સાવચેત રહો.

મીન: આજનો દિવસ સામાન્ય છે. પરિવાર સાથે ઘરે રહો અને સુરક્ષિત રહો. ખૂબ જ મહત્વપૂર્ણ કામ હોય તો જ બહાર જાઓ.

# સાવરકુંડલામાં ઓમકારેશ્વર મહાદેવ મંદિરે બારેય માસ શાસ્ત્રોક્ત શિવ આરાધના

અમરેલી, તા.૨૭

ભારતીય સનાતન સંસ્કૃતિના પાવન પર્વ સમાન શ્રાવણ માસનો પ્રારંભ થઈ ગયો છે. લોકો પોતાની શ્રદ્ધા અને આસ્થા મુજબ શિવ મંદિરોમાં જઈ દેવાધિદેવ મહાદેવની પૂજા અર્ચના કરતા જોવા મળે છે. રવિવારે શ્રાવણના બીજા દિવસે સાવરકુંડલા ખાતે દરેક શિવ મંદિરોમાં વહેલી સવારથી જ ભાવિકો શિવદર્શન અને પૂજા



અર્ચના માટે ઉમટી પડતાં જોવા મળ્યા હતા. નાગનાથ સોસાયટી સ્થિત ઓમકારેશ્વર મહાદેવ મંદિરે એક વિદ્વાન શિવભક્ત બારેય માસ પૂર્ણ શ્રદ્ધા અને શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે ભગવાન શિવજીની ઉપાસના કરે છે.


## વિષય :- દસ્તાવેજ કરતા પુર્વે ની જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર મનોજકુમાર એન.દવે એડવોકેટ એન્ડ નોટરી એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસ થી જાણ/તાકીદ કરવામા આવે છે. અમારા અસીલ ની સુચના અને ફરમાઈશ જેની આ જાહેર નોટીસ આપી જણાવુ છુ.

અમરેલી ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ તાલુકો :-લીલીયા,મોજે-પુંજાપાદર ના ખેડ ખાતા નં.૭૮૭ જેના રે. સર્વે નં. ૧૧૩(જુ.સ.નં.૧૦૨/૨ પૈકી ૨)જેનુ કુલ.ક્ષેત્રફળ-૫-૫૨-૮૨ હે.આરે.ચો.મી. છે જે જુની શરતની છે. જે ખેતીની બિન પીયત જમીન સદરહુ જમીનના માલીક, કબજેદાર અને ધારણકર્તા(૧)જયાબેન શંભુભાઈ કથીરીયા તે પ્રવિણકુમાર ગોરધનભાઈ ચોડવડીયા ના ધર્મ પત્નીના સ્વતંત્ર નામે ચાલી આવેલ છે મજકુર મિલકતના ટાઈટલ સંપુર્ણ ચોખ્ખા, કલીયર, માર્કેટે બલ હોવાનુ જણાવીને તેમજ મજકુરમિલકતમા તેઓ સીવાય અન્ય કોઈનો કોઈ પણ પ્રકારનો હકક, હીત, હીસ્સો,લાગભાગ ચાલી આવેલ નથી તેવુ જણાવીને મજકુર મિલક્ત અમારા અસીલને વેચાણ આપવા માટે નક્કી કરેલ છે.જેથી સદરહુ મિલકતમા જો કોઈ નો વાંધો વિરોધ કે હકક, હીત, સંબંધ, લાગભાગ,દરદાવો કે ઈઝમેન્ટતથા અન્ય કોઈ પણ રીતે હકક હીસ્સો હોય અથવા તો કોઈ બેંક કે સંસ્થાનુ લેણુ હોય અગર તો તબદીલી અંગેના કોઈ પણ લખાણો હોય તો તેઓ એ નીચે ના સરનામે દિન–૭ મા પુરાવા સહિત લેખીત જાણ કરવી.જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસ ની મુદત વિત્યે સદર મિલક્તમાં કોઈ વ્યકિત કે સંસ્થાના કોઈ પણ પ્રકારનો હકક, હીત, હીસ્સો કે લેણું નથી અને હોય તો જતો કરેલ છે તેમાની અમારા અસીલ મજકુર મિલકતવેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યારપછી કોઈ પણ વ્યકિત કે સંસ્થા ની કોઈ પણજાતની તકરાર વાંધો વિરોધ ચાલશે નહી અને તેવા ઈસમોને કોઈપણ જાતના હકકો પ્રાપ્ત થશે નહી,જેની જનતાને નોંધ લેવી.

સરનામુ :- દેવ કોર્પોરેટ ઓફીસ
ગ્રામ પંચાય કચેરીની સામે,
લીલીયા મોટા–૩૬૫૫૩૫
મો.૯૪૨૬૭૧૬૪૨૫/૬૩૫૧૦૪૧૮૮૬

સહી
લી. આપનો વિશ્વાસુ



## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૧૮૧/૨૦૨૫

અરજદાર : શ્રી કરશનભાઈ ઢીસાભાઈ સોલંકી
સરનામુ : મું.પીપળીકાંઠા રામમંદીરની બાજુમાં, જાફરાબાદ તા.જાફરાબાદ જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને ચીફ ઓફીસરશ્રી - નગરપાલીકા જાફરાબાદ મું.જાફરાબાદ તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના જાફરાબાદ** ગામના **શ્રી કરશનભાઈ ઢીસાભાઈ સોલંકી** એ તેમના **પુત્ર નામેશ્રી ભરતભાઈ કરશનભાઈ સોલંકી નો જન્મ** તા.૦૧/૦૧/૧૯૭૭ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી ઉમેશભાઈ વી.વરૂ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૬ માહે. જુલાઈ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૧૬/૦૭/૨૦૨૫**

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**



## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૧૭૮/૨૦૨૫

અરજદાર : શ્રી વર્ષાબેન દિવ્યેશકુમાર બારિયા
સરનામુ : મું.જાફરાબાદ તા.જાફરાબાદ જી. અમરેલી હાલ રહે. ચોરા મીઠાબાવા, ઘોઘલા દિવ તા.દિવ

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને ચીફ ઓફીસરશ્રી - નગરપાલીકા જાફરાબાદ મું.જાફરાબાદ તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના જાફરાબાદ** ગામના **શ્રી વર્ષાબેન દિવ્યેશકુમાર બારિયાએ** તેમના (૧) **પિતા નામે શ્રી નાથાભાઈ નારણભાઈ બારિયાનું મરણ** તા.૧૦/૦૨/૨૦૧૫ (૨) **માતા નામેશ્રી બાલીબેન નાથાભાઈ બારિયાનું મરણ** તા.૨૦/૦૨/૨૦૧૨નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી ઉમેશભાઈ વી.વરૂ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણનોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૬ માહે. જુલાઈ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૧૬/૦૭/૨૦૨૫**

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**



## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૧૯૦/૨૦૨૫

અરજદાર : શ્રી મેઘનાથી વિપુલગીરી ભીખાગીરી
સરનામુ : મું.ટીંબી તા.જાફરાબાદ જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને તલાટી કમ મંત્રીશ્રી - ટીંબી મું.ટીંબી તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના ટીંબી** ગામના **શ્રી મેઘનાથી વિપુલગીરી ભીખાગીરી** એ તેમના **ભાણેજ નામેશ્રી મિલનગીરી રાજુગીરી ગૌસ્વામી નો જન્મ** તા.૨૮/૦૫/૨૦૧૧ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી ઉમેશભાઈ વી.વરૂ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૬ માહે. જુલાઈ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૧૬/૦૭/૨૦૨૫**

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

## તંત્રી લેખ

# કેશલેસ ઈકોનોમી: ભવિષ્યનું ધબકતું ચિત્ર

આજે આપણે એક એવા સમયમાં જીવી રહ્યા છીએ જ્યાં પરિવર્તન એ જ એકમાત્ર સ્થિર વસ્તુ છે. ટેકનોલોજીની આ ક્રાંતિએ આપણા જીવનના દરેક પાસાને સ્પર્શ કર્યો છે, અને આર્થિક વ્યવહારો પણ તેમાંથી બાકાત નથી. રોકડ વગરના, એટલે કે કેશલેસ ઈકોનોમીનો ખ્યાલ હવે માત્ર ભવિષ્યની વાત નથી, પરંતુ તે આપણા વર્તમાનનું એક અવિભાજ્ય અંગ બની રહ્યું છે. ભારતમાં ડિજિટલ ઈન્ડિયાના અભિયાન હેઠળ કેશલેસ વ્યવહારોને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. નોટબંધી પછી આ પ્રક્રિયાને વધુ વેગ મળ્યો છે, અને આજે UPI, મોબાઈલ વોલેટ્સ, ડેબિટ/ક્રેડિટ કાર્ડ્સ, નેટ બેન્કિંગ જેવી સુવિધાઓ સામાન્ય બની ગઈ છે. ચાલો, આ કેશલેસ ઈકોનોમીના વિવિધ પાસાઓ પર એક નજર કરીએ. કેશલેસ ઈકોનોમી એટલે શું? તે જાણવું જરૂરી છે. કેશલેસ ઈકોનોમી એટલે એવી આર્થિક વ્યવસ્થા જ્યાં નાણાકીય લેવડદેવડ રોકડને બદલે ડિજિટલ માધ્યમો દ્વારા થાય છે. આમાં ઓનલાઈન બેન્કિંગ, મોબાઈલ એપ્સ, કાર્ડ્સ અને અન્ય ઈલેક્ટ્રોનિક પેમેન્ટ સિસ્ટમનો સમાવેશ થાય છે. તમે કરિયાણાની દુકાન પર QR કોડ સ્કેન કરીને પેમેન્ટ કરો કે ઓનલાઈન કોઈ વસ્તુ ખરીદો, આ બધું કેશલેસ વ્યવહારનું જ ઉદાહરણ છે. કેશલેસ ઈકોનોમીના ફાયદા અનેક છે. કેશલેસ ઈકોનોમીના અનેક ફાયદા છે જે વ્યક્તિગત અને રાષ્ટ્રીય સ્તરે જોવા મળે છે: પારદર્શિતા અને ભ્રષ્ટાચાર પર અંકુશ તેનો સૌથી મોટો ફાયદો છે. ડિજિટલ વ્યવહારોનો રેકોર્ડ રાખવો સરળ છે. દરેક વ્યવહાર નોંધાય છે, જેનાથી કાળા નાણાં અને ભ્રષ્ટાચારને નિયંત્રિત કરવામાં મદદ મળે છે. સરકાર માટે કરવેરાની વસૂલાત પણ વધુ સરળ બને છે. સલામતી અને સુવિધા બીજો ફાયદો છે જેમાં રોકડ સાથે રાખવાની કે ગણવાની ઝંઝટ રહેતી નથી. ચોરી કે લૂંટનો ભય ઓછો થાય છે. તમે ગમે ત્યારે, ગમે ત્યાંથી પેમેન્ટ કરી શકો છો, પછી ભલે તે રાત્રે ૨ વાગ્યે ઓનલાઈન શોપિંગ હોય કે સવારે દૂધ લેતી વખતે.

આર્થિક વિકાસને વેગ મળે છે. ડિજિટલ વ્યવહારોથી અર્થતંત્રમાં પૈસાનો પ્રવાહ ઝડપી બને છે. નાના વેપારીઓ પણ ડિજિટલ પેમેન્ટ અપનાવીને વધુ ગ્રાહકો સુધી પહોંચી શકે છે, જેનાથી વેપાર અને રોજગારીમાં વૃદ્ધિ થાય છે. રેકોર્ડ અને બજેટિંગ આર્થિક વ્યવહારને સરળ બનાવે છે. દરેક વ્યવહારનો ડિજિટલ રેકોર્ડ ઉપલબ્ધ હોવાથી, વ્યક્તિગત રીતે ખર્ચ પર નજર રાખવી અને બજેટ બનાવવું સરળ બને છે. આનાથી નાણાકીય આયોજન વધુ અસરકારક બને છે. સરળ નાણાકીય સમાવેશ દ્વારા નાના માણસોને મોટો ફાયદો થાય છે. બેન્કિંગ સેવાઓથી વંચિત લોકોને પણ મોબાઈલ ફોન દ્વારા ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ સાથે જોડવામાં આવે છે, જેનાથી નાણાકીય સમાવેશને વેગ મળે છે. કેશલેસ ઈકોનોમીના પડકાર અનેક છે. કોઈપણ મોટી ક્રાંતિની જેમ, કેશલેસ ઈકોનોમીના પણ કેટલાક પડકાર છે. ડિજિટલ સાક્ષરતાનો અભાવ વર્તમાન ભારતનો સૌથી મોટો પડકાર છે. ભારતમાં હજુ પણ મોટી વસ્તી ડિજિટલ ટેકનોલોજીથી અજાણ છે. ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં અને વૃદ્ધોમાં ડિજિટલ સાક્ષરતા વધારવી એક મોટો પડકાર છે.

આજે આપણે જે દિશામાં આગળ વધી રહ્યા છીએ, તે સ્પષ્ટ દર્શાવે છે કે રોકડનું મહત્વ ધીમે ધીમે ઘટતું જશે અને ડિજિટલ વ્યવહારો આપણા દૈનિક જીવનનું એક અભિન્ન અંગ બની જશે. કેશલેસ ઈકોનોમી માત્ર આર્થિક વ્યવસ્થા નથી, પરંતુ તે એક નવીન અને પ્રગતિશીલ સમાજનું નિર્માણ છે. આ પરિવર્તનને અપનાવીને અને તેના પડકારોને સમજદારીપૂર્વક ઉકેલીને આપણે એક ઉજ્જવળ અને ડિજિટલ ભારતનું નિર્માણ કરી શકીશું.

# રાષ્ટ્રની સળગતી સમસ્યા: માસુમ વિદ્યાર્થીઓની આત્મહત્યા


**પ્રાસંગિક**
સુરેશ પટેલ

આત્મહત્યાના કુલ આંકડા રજૂ થયા હતા, નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરોના આંકડા મુજબ વર્ષ ૨૦૨૨માં આત્મહત્યાની ૧,૭૦,૯૨૪ ઘટના સામે આવી હતી. જેમાંથી ૭.૬ ટકા એટલે કે ૧૩૦૪૪ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે કે જેમણે માનસિક તણાવને કારણે જીવન ટુંકાવી લીધું. સુપ્રીમની બેંચે નોંધ્યું હતું કે જે પણ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી તેમાંથી ૨૨૪૮એ પરીક્ષામાં નિષ્ફળ જવાને કારણે જીવન ટુંકાવ્યું. છેલ્લા બે દસકામાં વિદ્યાર્થીઓની આત્મહત્યાના આંકડામાં મોટો ઉછાળો આવ્યો છે. વર્ષ ૨૦૦૧માં આંકડો ૫૪૨૫ હતો જે ૨૦૨૨માં વધીને ૧૩૦૪૪એ પહોંચી ગયો. વિદ્યાર્થીઓ આત્મહત્યા શા માટે કરે છે તેના કારણો જાણવા જેવા છે. જેમાં સૌથી મોટું કારણ શૈક્ષણિક દબાણ અને નિષ્ફળતાનો ભય છે. ભારતમાં શિક્ષણ પ્રણાલી સ્પર્ધાત્મક છે અને વિદ્યાર્થીઓ પર સારા ગુણ લાવવા, સારી કોલેજમાં પ્રવેશ મેળવવા અને સફળ કારકિર્દી બનાવવા માટે અતિશય દબાણ હોય છે. પરીક્ષામાં નિષ્ફળતા, ઓછા ગુણ અથવા ધાર્યા પરિણામ ન મળવાથી હતાશા અને નિરાશા આવી શકે છે. જેને કારણે મોટાભાગના વિદ્યાર્થીઓ આત્મહત્યા કરે છે. પરિવારની અપેક્ષાઓ જ્યારે વધારે પડતી હોય ત્યારે વિદ્યાર્થી માટે મુશ્કેલીભર્યું બની જાય છે. માતા-પિતા ઘણીવાર પોતાના બાળકો પાસેથી ઘણી અપેક્ષાઓ રાખે છે, જેના કારણે બાળકો પર દબાણ વધે છે. જો બાળક આ અપેક્ષાઓ પૂરી ન કરી શકે તો અપરાધભાવ અને નિરાશા અનુભવી શકે છે.

માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓમાં ડિપ્રેશન, ચિંતા, વ્યક્તિત્વ વિકૃતિઓ જેવી માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ આત્મહત્યાનું એક મોટું કારણ છે. ઘણા વિદ્યાર્થીઓ આ સમસ્યાઓથી પીડાતા હોય છે પરંતુ કલંકના ડરથી મદદ લેતા નથી. સામાજિક અને ભાવનાત્મક સમસ્યાઓ જેવી કે એકલતા, સંબંધોમાં તણાવ, ગુંડાગીરી, જાતીય શોષણ અને સામાજિક અલગતા પણ આત્મહત્યાના વિચારોને જન્મ આપી શકે છે. આર્થિક મુશ્કેલીઓ આમાં મુખ્ય ભાગ ભજવે છે. ખાસ કરીને આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓમાં આર્થિક સંકડામણ અને અભ્યાસનો બોજ તણાવનું કારણ બની શકે છે. નિર્ણય લેવાની ક્ષમતાનો અભાવ પણ યુવાનોમાં, ખાસ કરીને કિશોરાવસ્થામાં, આવેગજન્ય નિર્ણયો લેવાની વૃત્તિ વધુ હોય છે. જ્યારે તેઓ કોઈ મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરે છે ત્યારે તેમને સમસ્યાનો કોઈ ઉકેલ દેખાતો નથી અને આત્મહત્યા જેવું આત્યંતિક પગલું ભરી લે છે.

દારૂ અને ડ્રગ્સનો વધુ પડતો ઉપયોગ મગજ પર નકારાત્મક અસર કરે છે અને આત્મહત્યાનું જોખમ વધારે છે. આ કારણો કેવી રીતે નિવારી શકાય એ જાણવું જરૂરી છે. માનસિક સ્વાસ્થ્ય સેવાઓ સુલભ બનાવવી જરૂરી છે. શાળાઓ અને કોલેજોમાં કાઉન્સેલિંગ સેવાઓ, મનોવૈજ્ઞાનિક સહાય અને હેલ્પલાઈન નંબર ઉપલબ્ધ કરાવવા જોઈએ. માનસિક સ્વાસ્થ્ય અંગેની જાગૃતિ વધારવી અને કલંક દૂર કરવું જરૂરી છે જેથી વિદ્યાર્થીઓ મદદ માંગવામાં સંકોચ ન અનુભવે.


શૈક્ષણિક પ્રણાલીમાં સુધારા કરવો જરૂરી છે. માત્ર ગુણ પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે સર્વાંગી વિકાસ પર ભાર મૂકવો જોઈએ. પરીક્ષાના દબાણને ઘટાડવા અને વિદ્યાર્થીઓને નિષ્ફળતાનો સામનો કરતા શીખવવા માટે શિક્ષણ પદ્ધતિમાં ફેરફાર કરવા જરૂરી છે. પરિવારની ભૂમિકા મહત્વનો ભાગ ભજવે છે. માતા-પિતાએ બાળકોની ક્ષમતાઓને સમજવી જોઈએ અને તેમના પર અવાસ્તવિક અપેક્ષાઓનો બોજ ન નાખવો જોઈએ. બાળકો સાથે ખુલ્લો સંવાદ સ્થાપિત કરવો અને તેમને ટેકો આપવો જરૂરી છે. આ માટેનો સર્વોત્તમ રસ્તો જીવન કૌશલ્યનો વિકાસ: વિદ્યાર્થીઓને તણાવ વ્યવસ્થાપન, સમસ્યા હલ કરવાની ક્ષમતા, અને ભાવનાત્મક બુદ્ધિ જેવા જીવન કૌશલ્યો શીખવવા જોઈએ. ભાવનગરમાં શિશુવિહાર જેવી સંસ્થાઓ આ માટેનું સર્વોત્તમ કાર્ય કરી રહી છે. જે બીજી અનેક સંસ્થાઓ માટે પ્રેરણા રૂપ છે. જેને સામાજિક સમર્થન પણ મળે છે. વિદ્યાર્થીઓને એકબીજા સાથે જોડાવા અને સહાયક વાતાવરણ પૂરું પાડવા માટે સમુદાય અને પીઅર સપોર્ટ જૂથોને પ્રોત્સાહન આપવામાં સંસ્થા સિંહફાળો આપી રહી છે. આના કારણે સમાજમાં જાગૃતિ અને સંવેદનશીલતા વધે છે.



સમાજમાં આત્મહત્યા વિશે ખુલ્લી ચર્ચા કરવી અને આત્મહત્યાના ચેતવણીના ચિહ્નો વિશે જાગૃતિ લાવવી જરૂરી હોય છે. મીડિયાની જવાબદારી પણ વધારે છે.

આત્મહત્યાની ઘટનાને સનસનાટીથી ભરપૂર રજૂ કરવાને બદલે સંવેદનશીલતાપૂર્વક રજૂ કરવી, અને મદદ માટેના સ્ત્રોતોની માહિતી આપવી જોઈએ. ભારતમાં દર વર્ષે કેટલા વિદ્યાર્થીઓ આત્મહત્યા કરે છે તે આંકડા ચોંકાવનારા અને દુઃખદાયી છે. ભારતમાં વિદ્યાર્થીઓની આત્મહત્યાના ચોક્કસ વાર્ષિક આંકડા સરકાર દ્વારા સત્તાવાર રીતે જાહેર કરવામાં આવે છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરો (NCRB) ના આંકડા અનુસાર, ભારતમાં દર વર્ષે હજારો વિદ્યાર્થીઓ આત્મહત્યા કરે છે. આ આંકડા દર વર્ષે બદલાય છે, પરંતુ તે સતત ચિંતાજનક સ્તરે રહે છે.


ગત સપ્તાહે સુપ્રીમ કોર્ટે આ બાબતમાં શું ચુકાદો આપ્યો તે જાણવું જરૂરી છે. સુપ્રીમ કોર્ટે વિદ્યાર્થીઓની આત્મહત્યાના વધતા જતા કેસ પર ચિંતા વ્યક્ત કરી છે અને આ સમસ્યાને રોકવા માટે સરકાર અને શૈક્ષણિક સંસ્થાઓને પગલાં લેવાનો નિર્દેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટે માનસિક સ્વાસ્થ્ય સેવાઓની ઉપલબ્ધતા, પરીક્ષાના દબાણને ઘટાડવા અને વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવા પર ભાર મૂક્યો છે. જોકે, કોઈ એક ચોક્કસ "ચુકાદો" નથી, પરંતુ કોર્ટે આ મુદ્દાને ગંભીરતાથી લીધો છે અને સંબંધિત પક્ષોને કાર્યવાહી કરવા પ્રોત્સાહિત કર્યા છે. આ એક જટિલ સામાજિક સમસ્યા છે અને તેને ઉકેલવા માટે સરકાર, શૈક્ષણિક સંસ્થાઓ, પરિવારો અને સમાજ એમ બધાના સહિયારા પ્રયાસોની જરૂર છે. વિદ્યાર્થીઓની આત્મહત્યાના સંદર્ભમાં છેલ્લે એટલું કહી શકાય કે વિદ્યાર્થીઓની આત્મહત્યા એક ગંભીર સમસ્યા છે જેને નિવારવા સહિયારા પ્રયાસોની જરૂર છે.




**વિદ્યાર્થીઓમાં આત્મહત્યા એક ગંભીર અને ચિંતાજનક સમસ્યા છે, જેના અનેક કારણો અને જટિલ પાસાં છે. ૨૦૨૨માં ૧૩૦૪૪ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી હતી. આટલી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ મરી રહ્યા છે ત્યારે સુપ્રીમ કોર્ટે આ બાબતે ગાઈડલાઈન જાહેર કરી છે જેથી આ સમસ્યા નિવારી શકાય.**

# પવિત્ર શ્રાવણ માસના પાંચ મહાવ્રતો

**મનન ચિંતન**
ભરત બાવીશી



વ્રત પૂજા અને તહેવારોની શૃંખલાનો માસ એટલે શ્રાવણ મહિનો. દેવાધિદેવ મહાદેવના નામે આખો મહિનો ભક્તિભાવ સાથે પૂજા અર્ચના કરવાનો પવિત્ર શ્રાવણ માસ શરૂ છે. સાથે સાથે આ માસમાં ભગવાન શિવ પણ જેના દર્શન માટે ગોકુળમાં વ્રજની નારીનું સ્વરૂપ ધારણ કરીને ગયા હતા એવા સૌના લાડીલા, પ્યારા, નટખટ, તોફાની, કર્મયોગી શ્રી કૃષ્ણનો જન્મદિવસ એટલે જન્માષ્ટમીનો તહેવાર પણ આ માસમાં આવે છે. જેમાં બોળ ચોથ, નાગપાંચમ, રાંધણ છઠ્ઠ, શીતળા સાતમ અને ગોકુળ આઠમ સહિત પાંચેય તહેવારોનો અલગ અલગ મહિમા અને માતમ છે. એની પહેલા અષાઢ મહિનાની પૂનમથી પ્યારા પરમેશ્વરનું બાળ સ્વરૂપ શ્રીકૃષ્ણને હિંડોળે ઝુલાવવા માટે હવેલીમાં એક મહિનો સુધી દરરોજ અલગ અલગ શૃંગાર સાથેના હિંડોળા દર્શન થાય છે. પ્રેમ ભક્તિની આ પરંપરા પેઢી દર પેઢીથી ચાલી આવે છે. તેમજ સનાતન ધર્મના સૌ સંતો અને ભક્તો આખો શ્રાવણ માસ ભગવાન શિવજીનું બિલિપત્રોથી શ્રદ્ધાપૂર્વક પૂજન અર્ચન કરે છે. બહેનોના વ્રત પણ હોય છે. આમ ધર્મ ભક્તિ દ્વારા જન માનસમાં પરસ્પર સત્ય, પ્રેમ, કરુણા અને દાનના ભાવ પ્રગટ થાય છે. એટલે કે આખો શ્રાવણ ભરપૂર તહેવારો સાથે ભક્તિ, નિત્યપૂજન, નિયમને મહિમા વાળો મહિનો છે. ત્યારે મનુષ્ય માટે આ પાંચ મહાવ્રત પાળવા જેવા છે. પ્રેમ, શ્રદ્ધા, ભક્તિ, ક્ષમા અને દાન. પ્રભુપ્રેમની સાથે માનવ માનવ વચ્ચે પરસ્પર પ્રેમભાવ રાખવો. સર્વ શક્તિમાન ઈશ્વર પર શ્રદ્ધા રાખવી અને સાથે કૃષ્ણના કર્મયોગ મુજબ ફળની આસક્તિ વિના કાર્ય કરતા રહેવું. ઈશ્વરીય આરાધના માટે ભજન સત્સંગ અને કીર્તન દ્વારા ગુરુ ગોવિંદના ગુણગાન ગાઈને નામ સ્મરણથી ભક્તિનું વ્રત રાખવું. 'ક્ષમા વીરસ્ય ભૂષણમ' ની જેમ ક્ષમાભાવનું વ્રત અને પાંચમું વ્રત દાનનો મહિમા સમજીને આ પવિત્ર માસમાં સૌએ યથાશક્તિ દાન-પુણ્ય કરવું. આ પાંચેય વ્રતની શરૂઆત શ્રાવણ માસથી કરીને કાયમ જીવનમાં પાળવાથી મોંઘામુલું માનવજીવન ખરા અર્થમાં સ્નેહ, આદર સાથે સંતોષપૂર્વક માણી શકાય છે. જય ભોળાનાથ, જય શ્રી કૃષ્ણ!




હિંદુ ધર્મમાં શ્રવણ માસને ભગવાન શિવનો પ્રિય મહિનો કેહવામાં આવે છે

# આધુનિક ભારતના ગામડાઓનાં પછાતપણા માટે લોકો અને નેતાઓ જવાબદાર


**ઝાકળનું એક બિંદુ**
હિરેન હિરપરા



હિન્દુસ્તાનની ઓળખ હંમેશા ગામડાઓ સાથે જોડાયેલી રહી છે. ભારતનો આત્મા ગામડાઓમાં ધબકે છે અને ધબકતો રહેવો જોઈએ. ભારતના ગામડાઓમાંથી સતત રોજગારી માટે અને સુખ-સુવિધાઓ અને પ્રાથમિક જરૂરિયાતોની ઉપેક્ષાએ થતા સ્થળાંતરથી જેમ માણસને હૃદય ધબકતું બંધ થાય અને એટેક આવે છે એમ ગામડાઓ ધબકતા બંધ થયા એટલે વિનાશ સિવાય કશુ નથી મળવાનું. મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ, ડો. બાબા સાહેબ આંબેડકર, લાલ બહાદુર શાસ્ત્રી, અટલ બિહારી બાજપાયી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગામડાઓની સુખાકારી, વિકાસ અને ખેતી માટે ઘણા આયામો શરૂ કર્યા છે. આજે દેશના ગામડાઓ ભાંગી રહ્યા છે. તેમાં અત્યાર સુધીની કોઈ સરકાર જવાબદાર નથી. ગામડાઓ ભાંગવા પાછળ ગામડાઓના સ્થાનિક નેતાઓએ ગામડાઓની ભોળી, અભણ પ્રજાનો લાભ ઉઠાવી એકહથ્થુ શાસન સ્થાપી, જાતિવાદ ઉભો કરીને મતો મેળવી લેવાની જે પરંપરા શરૂ કરી એ છે. લોકોએ પણ વિકાસની અપેક્ષા રાખી નહિ જેના પરિણામે આજે ગામડાઓ ખાલી થયા છે. આધુનિક ભારતના ગામડાઓના વિકાસ માટે ડિજિટલ ઈન્ડીયા અંતર્ગત ઈન્ટરનેટ, મોબાઈલ સેવાઓ ગામડાઓ સુધી પહોંચી છે. ઓનલાઈન સરકારી અને ખાનગી સેવાઓના હિસાબે સમય, પૈસા અને લાગવગશાહી દૂર થવા લાગી છે અને માહિતી જાણકારીનો સ્રોત જનતા પાસે આવ્યો છે. ખરા અર્થમાં જાગૃત બનવાની જરૂરિયાત છે.

બેન્કીંગ ક્ષેત્રે લાંબી લાઈનોને બદલે આજે કયુઆર કોડ જેવી આધુનિક નાણાકીય વ્યવહારની વ્યવસ્થાઓને કારણે ઉદ્યોગ ધંધા અને નાણાકિય વ્યવહારની સ્થિતિમાં ફેરફાર જોવા મળી રહ્યાં છે.

આધુનિક ઈન્ફ્રાસ્ટ્રકચરમાં ફેરફાર પણ ગામડાઓની કનેકટીવિટીમાં સામેલ થયું છે. ધૂળની ડમરીઓના કાચા રસ્તાઓ હવે નામશેષ થવામાં છે. આજે મોટાભાગના ગામડાઓ બે દિશાઓ સાથે પાકી સડકથી જોડાયેલા છે. હા કયાંક કયાંક ડામર અને કપચી નબળી આવી જવાના કારણે એકાદ વર્ષમાં રસ્તાઓ તૂટી જાય છે. આવા નબળા કામો સારા કામો અને સારપને ઢાંકી દે છે. ખિસ્સા ભરતા અધિકારીઓ ઉપર જનતા જાગે તો લગામ લાગે. ગામડાની જનતા મહેનતમાં બળુકી ખરી પણ અવાજ ઉઠાવવામાં જ્ઞાતિ-જાતિ, મોટાઓનું માન જેવી બાબતોમાં મૌન બની જાય છે અને આખલાઓ ગામડાઓના વિકાસની યોજનાઓ ચરી જાય છે. તાજેતરમાં વગોવાયેલી મનરેગા યોજના છે. અહિ કાયદાની એટલી ઉદારતા છે. તમારી વગ હોય તો કાયદો અને નિયમો તમારા ખિસ્સામાં, બાકી તમારી સામે કીડીને મારવાનો માત્ર આરોપ થાય તો પણ છોડવામાં ન આવે. દેશ અને ગુજરાતના ગામડાઓમાં સારી ગુણવત્તા સાથેની વીજળી મળી રહી છે. તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈએ જયોતિગ્રામ યોજના થકી ગ્રામીણ જીવનને ધબકતુ કરવાનું સૌથી મોટુ કામ કર્યું છે. આજે ગુજરાતના ગામડાઓમાં ૨૪ કલાક વીજળી મળે છે. જેના હિસાબે નાના મોટા ઉદ્યોગ-ધંધા માટે સારી તકો સ્થાનિક સ્તરે ઉભી થઈ છે. ગામડાઓમાં પીવાના પાણી, આરોગ્યની સારી વ્યવસ્થાઓ ઉભી થઈ છે.



**:: તિખારો ::**

**અન્યાય સામે અવાજ હંમેશા સ્વાભિમાની લોકો પરિણામની ચિંતા કર્યા વિના ઉઠાવતા હોય છે અને સિસ્ટમમાં સુધારો આવે છે. જયારે ચાલાક, ચાપલુસ અને તળીયા ચાટવાવાળા માણસો પોતાના કામો કરીને ધંધો કરે છે.**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

સંજોગ ન્યૂઝ લીલોતરી



# અઠવાડિક ખેતી કાર્યો

**કપાસ પાકમાં મૂળનો કોહવારો :**

● આ રોગનું ખાસ લક્ષણ એ છે કે છોડ એકાએક ચીમળાઈ જાય છે. ખેતરમાં રોગ ગોળાકાર વિસ્તારમાં જોવા મળે છે. ● રોગિષ્ટ છોડ છે. આવા છોડ સહેલાઈથી ખેંચી કાઢી શકાય ● આદીમૂળ સિવાયના અન્ય મૂળ વધારે કોહવાયેલાં તેમજ તૂટી ગયેલ દેખાય છે. આદીમૂળ ભીનાં અને છાલ પીળી, બદામી અને કથ્થાઈ રંગની થઈ જાય છે. ● નિયંત્રણ માટે કોપર ઓકઝીકલોરાઈડ સુકાતા છોડ તથા તેની આજુબાજુના તંદુરસ્ત છોડના થડ પાસે રેડવું તથા ૪ થી ૫ દિવસ પછી યુરિયા / એમોનિયમ સલ્ફેટ આપવું.

કપાસમાં સુકારો :

● પુખ્ત છોડના નીચેના પાન બરછટ, જાડા અને છેલ્લે મુરઝાયેલા હોય છે. રોગ ધીમે ધીમે ટોચ તરફ આગળ વધે છે. ● સુકાતા છોડ તથા તેની આજુબાજુના તંદુરસ્ત છોડના થડ પાસે કાર્બેન્ડેઝીમ અથવા કોપર ઓકઝીકલોરાઈડ રેડવું.

કપાસનો મૂળખાઈ :

● રોગગ્રસ્ત છોડની ફરતે મેન્કોઝેબ ૨૬ ગ્રામ અથવા ● કોપર ઓકિઝકલોરાઈડ ૪૦ ગ્રામ/૧૦ લિટર પાણીમાં ઓગાળી રેડવું. ● ખૂબ વરસાદ અથવા વધારે પિયત આપવાથી પાણી ભરાતું હોય અથવા જીંડવા બેસતી વખતે ખાતર અને પાણીની ઉણપને કારણે છોડ સુકાતા જોવા મળે છે ● વધુ વરસાદ બાદ વરાપે ખેડ કરવાથી અથવા છોડનાં મૂળ વિસ્તારમાં ગોડ કરી જમીનમાં હવાની અવરજવર કરી આપવાથી ફાયદો થાય છે. ● છોડ ઉપર ફુલભમરી અને જીંડવાઓ બેઠા હોય, પાણી અને પોષક તત્વોની અછત હોય ત્યારે ટૂંકા ગાળે પિયત આપી ભેજની અછત ટાળવી તથા છંટકાવ માટે ૧૯-૧૯-૧૯ ૧૦૦ ગ્રામ અથવા માઈક્રોમિક્સ ગ્રેડ-૪, ૨૫ ગ્રામ એક પંપમાં નાખી ૧૦ દિવસના અંતરે ૩ છંટકાવ કરવા તેમજ પોટેશીયમ નાઈટ્રેટ છોડના થડ ફરતે રેડવાથી સુકારાનું પ્રમાણ ઘટાડી શકાય છે. મગફળીમાં થડ / ડોડવાનો સડો ● વાવણી બાદ પણ ઉભા પાકમાં થડની પાસે રેતી કે સેન્દ્રીય ખાતરમાં ભેળવી ટ્રાયકોર્ડમાંની માવજત આપી શકાય. આ ઉપરાંત અન્ય પાકોમાં પણ પાણી ભરાવાને કારણે ઘણી નુકસાની થાય છે.

**ડાંગર :** ગાભમારાની ઈયળ અને ડાંગરના ચુસીયા

ગાભમારાની ઈયળ : ● ચુસીયાનો ઉપદ્રવ ઘટાડવા નાઈટ્રોજનયુક્ત રાસાયણિક ખાતરો ભલામણ મુજબ ત્રણ હપ્તામાં આપવા જોઈએ. ● ચુસીયાનો ઉપદ્રવ જોવા મળે કે તરત જ ક્યારીમાંથી પાણી નીતારી નાખવું. ● પ્રકાશપિંજર અને ગાભમારાના નર ફુદાંને આકર્ષતા ફેરોમોન ટ્રેપ ગોઠવવાથી વસ્તીનું નિયંત્રણ કરી શકાય. ● ફેરરોપણી પછી ૩૦ – ૩૫ દિવસે કાર્બોસલ્ફાન ૫ જી (૪ કિગ્રા) અથવા કાર્ટેપ હાઈડ્રોકલોરાઈડ ૪ જી (૫ કિ.ગ્રા.) અથવા કાર્બોફયુરાન ૩ જી (૬ કિ.ગ્રા.) અથવા ઈમિડાકલોપ્રીડ ૦.૩ જી (૧૫ કિ.ગ્રા.) અથવા ફોરેટ ૧૦ જી (૧૦ કિ.ગ્રા.) પ્રતિ હેકટર પ્રમાણે ખેતરમાં પાણી ઓછું કર્યા બાદ બે વખત આપવાથી ચુસીયાનો ઉપદ્રવ કાબુમાં રહે છે. ● આ સિવાય ફ્લ્યુબેન્ડીયામાઈડ ૪૮૦ એસસી ૩ મિ.લિ. અથવા ઈન્ડોકઝાકાર્બ ૧૫.૮ ઈસી ૧૦ મિ.લિ. અથવા કલોરાન્ટ્રાનિલીપ્રોલ ૧૮.૫ એસસી ૩ મિ.લિ. પૈકી ગમે તે એક કીટનાશક ૧૦ લિટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરતા અસરકારક નિયંત્રણ મળે છે.

● ચુસીયા અને ગાભમારાની ઈયળના નિયંત્રણ માટે ઈમિડાકલોપ્રીડ ૧૭.૮ એસએલ ૩ મિ.લિ. અથવા એસીટામીપ્રીડ ૨૦ એસપી ૪ ગ્રામ અથવા કલોથીયાનીડીન ૫૦ ડબલ્યુ ૫ મિ.લિ. અથવા બુપ્રોફેઝીન ૨૫ એસસી ૨૦ મિ.લિ. અથવા ફલોનીકામાઈડ ૫૦ ડબલ્યુ ૩ ગ્રામ અથવા લેમડા સાયહેલોથ્રીન ૫ ઈસી ૫ મિ.લિ. અથવા એસીટામીપ્રીડ ૦.૪ + કલોરપાયરીફોસ ૨૦ ઈસી ૧૫ મિ.લિ. અથવા બુપ્રોફેઝીન ૧૫ + એસીફેટ ૩૫ ડબલ્યુ ૨૫ ગ્રામ અથવા એસીફેટ ૭૫ એસપી ૨૦ ગ્રામ અથવા કિવનાલફોસ ૨૫ ઈસી ૨૦ મિ.લિ. અથવા ડાયકલોરવોસ ૭૬ ઈસી ૧૦ મિ.લિ. અથવા ડાયનોટેફયુરાન ૨૦ એસજી ૪ ગ્રામ અથવા ફીપ્રોનીલ ૫ એસસી ૨૦ મિ.લિ. અથવા થાયામેથોક્ઝામ ૨૫ ડબલ્યુજી ૨ ગ્રામ અથવા ટ્રાયઝોફોસ ૨૦ ઈસી ૨૦ મિ.લિ. અથવા ઈમિડાકલોપ્રીડ ૬ + લેમડાસાયહેલોથ્રીન ૪ એસસી ૬ મિ.લિ. અથવા ફોસ્ફામિડોન ૪૦ + ઈમિડાકલોપ્રીડ ૨ એસપી ૧૦ ગ્રામ અથવા ફ્લુબેન્ડીઆમાઈડ ૪ + બુપ્રોફેઝીન ૨૦ એસસી ૨૦ મિ.લિ. અથવા ફ્લુબેન્ડીઆમાઈડ ૩.૫ + હેક્ઝાકોનાઝોલ ૫ ડબલ્યુજી ૨૦ ગ્રામ અથવા ફેનપ્રોપેથ્રીન ૩૦ ઈસી ૭ મિ.લિ. અથવા થાયાકલોપ્રીડ ૨૧.૭ એસસી ૧૦ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. ● ખેતરમાં રાત્રીના સમયે પ્રકાશપિંજર ગોઠવી ગાભમારાની ઈયળ ઉપરાંત લશ્કરી ઈયળના પુખ્ત આકર્ષી તેની વસ્તીમાં ઘટાડો કરી શકાય. આમ પુખ્ત કીટકોની વસ્તી ઘટતા તેના દ્વારા મુકાતા ઈંડાનું પ્રમાણ ઘટે છે, જેથી જીવાતની નુકસાન કરતી અવસ્થાનું પ્રમાણ પણ ઘટે છે. નર ફુદાને આકર્ષતા ફેરોમોન ટ્રેપ ગોઠવવાથી વસ્તીનું નિયંત્રણ કરી શકાય. ● લીમડા આધારિત તૈયાર કીટનાશકનો ૧૦ મિ.લિ. (૫ ઈસી) થી ૬૦ મિ.લિ. (૦.૦૩ ઈસી) ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. ● ફેરરોપણી પછી ૩૦ – ૩૫ દિવસે કાર્બોસલ્ફાન ૫ જી (૪ કિગ્રા) અથવા કારટેપ હાઈડ્રોકલોરાઈડ ૪ જી (૫ કિગ્રા) અથવા કાર્બોફયુરાન ૩ જી (૬ કિગ્રા) પ્રતિ વિઘા પ્રમાણે ખેતરમાં પાણી ઓછુ કર્યા બાદ બે વખત આપવાથી ઉપદ્રવ કાબુમાં રહે છે. આ સિવાય ફ્લ્યુબેન્ડીયામાઈડ ૪૮૦ એસસી ૩ મિ.લિ. અથવા ઈન્ડોકઝાકાર્બ ૧૮.૫ એસસી ૩ મિ.લિ. પૈકી ગમે તે એક કીટનાશક ૧૦ લિટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરતા અસરકારક નિયંત્રણ મળે છે. ● ડાંગરની શ્રી પધ્ધતિથી ખેતી કરો. જેનાંથી સારી ગુણવત્તા, ઓછા પાણીની જરૂરિયાત, બિયારણની બચત, જમીનની ફળદ્રુપતા વધે અને ઢળી પડતી નથી. જેમાં ઓછા રાસાયણિક ખાતરનો ઉપયોગ કરવો પડે છે.

**મગફળી:** ● સેન્દ્રીય ખેતી માટે ૫૦% નાઈટ્રોજન છાણીયા ખાતરમાંથી તેમજ બાકીનો જૈવિક ખાતરો અને ફોસ્ફરસ માટે રોક ફોસ્ફેટ ૧૦૦ કિલો/હે. આપવું. ● મગફળીમાં ધૈણ નિયંત્રણ માટે કલોરપાયરીફોસ હેકટરે ૪ લિટર પ્રમાણે પાણી સાથે આપવું. પિયત ન થઈ શકે તો પંપ દ્વારા નોઝલ કાઢી કલોરપાયરીફોસ(૧૦ લિટર પાણીમાં ૨૫ મિ.લિ.) પ્રવાહી મગફળીનાં મૂળ પાસે ડ્રેન્ચીંગ કરવું. અથવા ૪ લિટર દવા ૫ લિટર પાણીમાં ઓગાળી આ મિશ્રણને ૧૦૦ કિલો રેતીમાં ભેળવી ત્યારબાદ સુકવી અને રેતી એક હેકટર વિસ્તારમાં થડ પાસે મુકવી.

પાનના ટપકાનો રોગ :

● આ રોગ ટીક્કા તરીકે પણ ઓળખાય છે. આ રોગ મગફળી વાવતા બધા જ વિસ્તારોમાં જોવા મળે છે. ગુજરાતમાં આ રોગ ખાસ કરીને ચોમાસુ ઋતુના ભેજવાળા વાતાવરણમાં વધુ જોવા મળે છે. પાનનાં ટપકાનો રોગ બે તબક્કામાં જુદા જુદા સમયે પાન ઉપર દેખાય છે અને બંને જુદી જુદી પ્રકારની ફુગથી થાય છે ● નિયંત્રણ માટે પાક ૩૦-૩૫ દિવસનો થાય ત્યારે કાર્બેન્ડેઝીમ ૦.૦૫ % (૧૦ ગ્રામ / ૧૦ લિટર ) અથવા મેન્કોઝેબ ૦.૨ % (૨૬ ગ્રામ / ૧૦ લિટર) અથવા ૦.૨ % કલોરોથેલોનિલ (૨૬ ગ્રામ / ૧૦ લિટર) અથવા હેકઝાકોનેઝોલ ૦.૦૦૫ % (૧૦ મિ.લિ. / ૧૦ લિટર પાણીમાં)દવાનો છંટકાવ કરવો. ત્યારબાદ બે છંટકાવ ૧૦-૧૨ દિવસનાં અંતરે કરવા. **સૂર્યમુખી :** ● સૂર્યમુખી પાકમાં લીલી ઈયળ મુખ્ય જીવાત છે. તેના નિયંત્રણ માટે બેસિલસ થુરીન્ઝીનેસીસ ૨ લિ./હેક્ટર અથવા લીલી ઈયળનું એન. પી.વી. ૨૫૦ એલઈ/હેક્ટર અથવા કિવનાલફોસ અથવા ફેનવાલરેટનો છંટકાવ કરવો.

**તલ:** ● પ્રકાશપિંજરનો ઉપયોગ કરવો. બીવેરીયા બેઝીયાના ૫ ગ્રામ અથવા લીંબોળીના મીંજનું દ્રાવણ ૫ ગ્રામ પ્રતિ લિટર પાણી અથવા કવીનાલફોસ ૨૦ મિ.લિ. દવા ૧૦ લિટર પાણીમાં નાંખી છંટકાવ કરવો. **દિવેલા :** ● ભલામણ કરેલ જાતો : જીએયુસી-૧, જીસીએચ-૫, ૬,૭, ૮,અથવા ૯, જીસીએમ-૪ અને ૬ સુકા વિસ્તાર માટે જીસીએચ-૨ નું વાવેતર કરવું. **સોયાબીન:** ● સોયાબીનના ૩૦ દિવસ પછી સોયાબીનની બે હાર પછી ૧ હાર એરંડાની આંતરપાક પદ્ધતિ માટે વાવવી. **કપાસ:** ● કપાસમાં લાલ પર્ણ થતાં હોય તો ૧% મેગ્નેશીયમ સલ્ફેટ દ્રાવણ ૯૦ દિવસનો પાક થાય ત્યારે અને બીજો ૧૫ દિવસે છંટકાવ કરવો. ● સફેદ માખીની મોજણીમાં પીળા રંગની સ્ટીકી ટ્રેપ હેકટરે ૫ લગાવવી. ઈયળ વર્ગની જીવાતોની મોજણીમાં ફેરોમેન ટ્રેપ હેકટર દીઠ ૫ લગાવવી. **તમાકું :** ● તમાકુમાં વાંકુલાનાં નાશ માટે ઉગતાની સાથે ટોચ ઉપર કેરોસીન, ડીઝલ, લીંબોળી, કપાસ, સોયાબીન જેવા તેલનાં બે ટીપા મુકવાથી તેનો નાશ થાય ● ભલામણ કરેલ જાતો આણંદ-૧૧૯, જીટી-૫, જીટી-૯, જીટીએચ-૧, ગુજરાત તમાકુ-૯, જીસીટી-૩ **તુવેર:** ● તુવેરનાં બિયારણનો દર ૧૫ થી ૨૦ કિલો હેક્ટર રાખવો અને બીજને કાર્બેન્ડાઝીનની ૩૦ ટકા માવજત આપવી. ● વાવેતર ૧૦ ઓગષ્ટ સુધીમાં કરી દેવું અને ખાતર ૧૧૦ કિલો ડીએપી આપવું. ● મગફળી-તુવેર રીલે પાક પધ્ધતિ અપનાવો. **વેલાવાળા શાકભાજી :** ● આ ભૂકી છારાનો રોગ છે. જેના નિયંત્રણ માટે વેટેબલ સલ્ફર (૩૦ ગ્રામ/૧૦ લિ.) અથવા ડીનોકેપ (૧૦ મિ.લિ./૧૦ લિ.) અથવા હેક્ઝાકોનાઝોલ (૧૦ મિ.લિ./૧૦ લિ.) અથવા કાર્બેન્ડાઝીમ(૫ ગ્રામ / ૧૦ લિ.) જેવી દવા છાંટવાથી નિયંત્રણ કરી શકાય છે. **પપૈયા:** ● પપૈયામાં કોહવારોના નિયંત્રણ માટે થડ ફરતે બોર્ડોપેસ્ટ લગાવો. વધુમાં કોપર ઓકઝીકલોરાઈડના દ્રાવણનું ડ્રેન્ચિંગ કરવું. ● પપૈયાના ધરૂ માટે પોલીકમશેડ નેટ હાઉસમાં ઉછેર કરવો. **આંબો:** આત્યારે આંબામાં સાયપરમેથીન ૨૦ મિ.લિ. તેમાં બ્લુકોપાર ૫૦ મિ.લિ. નાખી થડ તેમજ ડાળીઓ સહિત છંટકાવ કરવો. જમીનમાં કાચું દેશી ખાતર ન નાખવું. કીડી, મુંડા જમીનમાં હોય તો કલોરપાયરીફોસ ૨૦ મિ.લિ. પમ્પમાં નાખી છંટકાવ કરવો.



ડો.જી.આર. ગોહિલ, જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ. ફોન : ૯૨૭૫૭૦૮૩૪૨



કપાસમાં પાણી



કપાસમાં પાણી

પાનનાં ટપકાંનો રોગ (ટીક્કા)



મગફળીમાં પાણી

# અમૃત ઔષધિ એટલે જીવંતી (ડોડી)




શ્રીમતી બબીતા રામનિવાસ
વિષયનિષ્ણાત (ગૃહવિજ્ઞાન)
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, મહેસાણા

ડોડીને જીવંતી એટલે જીવંત રાખનાર એવો પર્યાય છે. ડોડી મુખ્યત્વે બે જાતની જોવા મળે છે. એકને ગોળ પાન હોય છે તેને મોટી ડોડી કે માલતી પણ કહે છે. તેના ફૂલ ઝુમખામાં તથા મોટા કદના હોય છે. આ ફૂલની ભાજી કરીને ખાવામાં આવે છે.

બીજી ડોડી જે જીવંતી તરીકે ઓળખાય છે. તેના પાન પ્રમાણમાં લાંબા, લંબગોળ હોય છે તથા ફૂલનું કદ પ્રમાણમાં નાનું હોય છે તથા ફળ (ડોડવા) નું કદ પણ નાનું હોય છે. એમના પાન અને ડોડવાનો ખાવામાં ઉપયોગ કરી શકાય છે. જીવંતી (ડોડી) આયુર્વેદમાં મહત્વપૂર્ણ ઔષધિ ગણાય છે.

**જીવંતી (ડોડી)ના સ્વાસ્થ્યવર્ધક ફાયદા :**

● આંખોની રોશની સુધારવામાં મદદ કરે છે.

● શરીરમાં ઉર્જા અને શક્તિ વધારવા માટે ઉપયોગી છે.

● ચામડીના રોગો જેવા કે ફોલ્લી, ફૂંસી અને ખંજવાળ માટે ઉપયોગી છે.

● શરીરના કોઈ ભાગમાં થયેલા સોજા અને દુ:ખાવા માટે ડોડી સક્રિય રીતે કામ કરે છે.

● શરદી, તાવ અને ઉધરસ માટે ઉપયોગી છે.

● સ્તનદૂધ વધારવામાં મદદરૂપ છે તેથી ધાત્રી માતાઓ માટે ખુબ જ લાભદાયક છે.

# ફળપાકોની નર્સરી એક અગત્યનો ઉદ્યોગ

ડો. જે.એસ. પરસણા, ડો. શિવાની આર. પટેલ, ડો. વી.એ. સાવલિયા અને ડો.બી.વી. ઠુંમર, જે.એ.યુ. જૂનાગઢ

પ્રસ્તાવના : નર્સરી ઉદ્યોગમાં ફળપાકોના રોપા/કલમોનો ઉછેર છે. સામાન્ય રીતે ફળઝાડ બહુવર્ષાયુ હોવાથી ફળપાકોની સફળતાનો આધાર રોપવામાં આવેલ રોપા/ કલમોની ગુણવત્તા તથા જાત ઉપર રહેલ છે. સારી ગુણવત્તા વાળા રોપા/કલમોની રોપણી કરેલ ન હોય તો ગમે તેટલી માવજત કરવામાં આવે તો પણ ધારણા પ્રમાણે ઉત્પાદન મળતું નથી એટલે જ આપણે ત્યાં કહેવત છે કે 'બાપ એવા બેટા અને વડ એવા ટેટા' આમ સારી ગુણવત્તા તથા સારી જાતના રોપ/ કલમો તથા માતૃછોડ પસંદ કરવા માટે નર્સરી એ અગત્યનું સ્થળ છે. તેથી ફળઝાડનું વાવેતર કરતા પહેલા નર્સરીમાંથી સારી ગુણવત્તાવાળા અને તંદુરસ્ત રોપા કલમો પસંદ કરી વાવેતર કરવામાં આવે તો લાંબાગાળા સુધી સારું વળતર મળી રહે છે.





**ફળ નર્સરીનું આયોજન કરતી વખતે કઇ કઇ બબતો ધ્યાનમાં રાખવી જોઇએ ?**

**ફળ નર્સરીનું આયોજન કરતી વખતે નીચેના મુદ્દાઓ ધ્યાનમાં રાખવા જોઇએ:**

» ૧. નર્સરીની જમીન જે તે વિસ્તારમાં ઉછેરવામાં આવતા છોડને અનુકૂળ, સારા નિતારવાળી તથા ફળદ્રુપ હોવી જોઇએ.

» ૨. નર્સરીની જમીન સમતલ કે સાધારણ ઊંચી જગ્યાએ પસંદ કરવી.

» ૩. નર્સરીના સ્થળની નજીકમાં મીઠા પાણીની સગવડ હોવી જોઇએ.

» ૪. નર્સરીનું સ્થળ પાકા રોડની નજીક હોવું જોઇએ જેથી ચોમાસામાં વાહનો દ્વારા રોપાઓની હેરફેર કરવામાં સુગમતા પડે.

» ૫. નર્સરીનું સ્થળ ગામ/ શહેર નજીક હોવું જોઇએ જેથી નર્સરીમાં કામ કરતા માણસો સમયસર આવી શકે.

» ૬. નર્સરી માટે આછો- પાતળો છાંયો રહે તેવા વૃક્ષવાળા સ્થળની પસંદગી કરવી જોઇએ. છાંયાની વ્યવસ્થા ન હોય તો છાંયા આપતા વૃક્ષો ઉછેરવા જોઇએ.

» ૭. નર્સરીમાં બહારથી પશુઓ આવીને નુકસાન ન કરે તે માટે નર્સરીની ચારે બાજુએ વાડ બનાવવી જોઇએ.

» ૮. નર્સરીમાં બીજ, ખાતર તથા અન્ય જરૂરી સાધનો ભરવા માટે મકાન તથા છાપરાની વ્યવસ્થા કરવી જોઇએ.



» ૧) ખાડા ક્યારા : ઓછા વરસાદવાળા વિસ્તારમાં અથવા ચોમાસા બાદ જ્યારે ફળાઉ વૃક્ષના બીજમાંથી રોપા ઉછેરવા હોય ત્યારે આ પ્રકારના ક્યારા વધુ અનુકૂળ આવે છે. આવા ક્યારા જમીનનની સપાટીથી નીચા હોય છે. આવા ક્યારામાં દાડમ, જામફળ, આંબા, લીંબુ, કરમદા, કોઠા વગેરે ફળાઉ વૃક્ષોના રોપા ઉછેરી શકાય છે.

» ૨) ગાદી ક્યારા : જે જમીનની નિતારશક્તિ નબળી હોય અથવા વધુ વરસાદવાળા વિસ્તારમાં આ પ્રકારના ક્યારા અનુકૂળ આવે છે.આવા ક્યારા જમીનની સપાટીથી ૧૫ થી ૨૦ સે.મી. ઉંચા હોય છે. આવા ક્યારામાં પપૈયા, લીંબુ, કરમદા, જામફળ આમળા તથા અન્ય ફળઝાડના રોપા ઉછેરવાનું અનુકૂળ આવે છે.

» ૩) પોલીથીલીનની કોથળી તથા કુંડામાં છોડ ઉછેર : માટી તથા ખાતરના યોગ્ય મિશ્રણથી કોથળી તથા કુંડા ભરીને તેમાં સીધા જ બીજ રોપી છોડ ઉછેરવામાં આવે છે. આવી કોથળીઓ કે કુંડામાં પપૈયા, આમળા, જાંબુ, બોર, સીતાફળ, કાજુ, આમલી, લીલા ફણસ વગેરેના છોડ ઉછેરી શકાય છે.

» ૪) રેતીના ક્યારા : રેતીના ક્યારામાં નિતાર તથા પોચારો સારો રહેતો હોય બીજનો ઉગાવો ઝડપથી થાય છે તથા કટકા કલમ રોપવાથી મૂળ ઝડપથી વધારે સંખ્યામાં ફૂટે છે. દાડમ અંજીર, સરગવા, દ્રાક્ષ વગેરે પાકોની કટકા કલમ આ પ્રકારના ક્યારામાં ઉછેરવામાં આવે છે.

**પ્લગ નર્સરી કે પ્રો ટ્રે એટલે શું ? તેનો ઊપયોગ શેના માટે થાય?**



પ્લગ નર્સરીમાં પ્લાસ્ટીકની ટ્રેનો ઉપયોગ કરવામાં આવે છે. જેમાં કપ આકારનાં ખાનાઓ હોય છે. આ ટ્રેમાં છાણીયુ ખાતર, વર્મીકમ્પોસ્ટ, કોકોપીટ, રેતી, વર્મીક્યુલાઈટ અને પરલાઈટ વગેરે મીડિયાનું યોગ્ય મિશ્રણ ભરી છોડ અથવા કટકા ઉછેરવામાં આવે છે. આ પદ્ધત્તિમાં ઓછા વિસ્તારમાં વધારે છોડ મેળવી શકાય છે તથા છોડ કોઈપણ વિસ્તારમાં ઉગાડી શકાય છે.

**પ્રોપેગેશન હાઉસ/ ચેમ્બરની ઊપયોગીતા :**

પ્લાસ્ટિક નેટ તથા ગ્રીન હાઉસમાં રોપાઓ ઉછેરતા છોડનો વધારે ગરમી અને ઠંડીથી બચાવ થાય છે તથા બીજના ઉગાવા માટે તથા કટકા કલમમાં મૂળ ફુટવા માટે જરૂરી ભેજ તથા અર્ધ છાંયા જેવી સ્થિતી મળી રહે છે.

**છોડ ઉછેરનું માધ્યમ અને તેની તૈયારી કેવી રીતે કરવી ?**

છોડ ઉછેર માટેનું માધ્યમ, એક અગત્યની બાબત છે. સામાન્ય રીતે સારા નીતારવાળી જમીન ઘણી જ જરૂરી છે. માધ્યમમાં સેન્દ્રિય તત્વો, જીપ્સમ, ખોળ વગેરે ઉમેરવાથી તથા કુંડા અને કોથળીમાં નીચે કાણા પાડવાથી નિતાર વધારી શકાય છે. આ ઉપરાંત માટીમાં સારુ કોહવાયેલું કમ્પોસ્ટ ખાતર, વર્મીકમ્પોસ્ટ, લીફમોલ્ડ ૫૦ ટકા પ્રમાણે વાપરવું અથવા ૫ થી ૬ મહિના અગાઉનો જુનો લાકડાનો વહેર (૩૫%), ડાંગરની કુસ્કી (૩૫ %) દિવેલી અથવા લીંબોળીનો ખોળ (૫ %) તથા માટી (૨૫ %) નું નિશ્રણ તૈયાર કરી કોહવડાવી ઉપયોગ કરવો. ફળ ઝાડના રોપા તથા કલમો તૈયાર કરવા જુદા જુદા કયા પ્રકારના ક્યારાનો ઉપયોગ કરવામાં આવે છે ?

**ફળપાકોમાં પ્રચલિત સંવર્ધનની રીતો કઈ છે અને તે કયારે કરવું જોઇએ ?**

ફળપાકોમાં સંવર્ધન પાક પ્રમાણે અલગ અલગ રીતે થાય છે. જુદા જુદા ફળપાકોમાં પ્રચલિત સંવર્ધનની રીતો નીચે બતાવ્યા પ્રમાણે અપનાવવામાં આવે છે.

| વર્ધનની રીત | બીજ/ કલમનો સમય | ક્યા ફળપાકોમાં કરવામાં આવે છે |
|---|---|---|
| બીજ | જૂન, જુલાઈ, ઓગસ્ટ | લીંબુ, પપૈયા, ફાલસા, કાજુ, કરમદા, કમરખ, પેશનફ્રુટ, સરગવો, નાળીયેર, રાયણ, ખારેક, બીલા, કોઠા, જાંબુ, મેંગોસ્ટીન |
| કટકા કલમ | જુલાઈ - ઓગષ્ટ | દાડમ, સેતુર, દ્રાક્ષ, અંજીર, સરગવો |
| ગુટી કલમ | જૂન-જુલાઈ | દાડમ અને જામફળ, અંજીર, ચેરી, સફેદકાજુ, લીંબુ |
| આંખ કલમ | મે - જૂન ડિસેમ્બર - જાન્યુઆરી | સંતરા, બોર, આમળા, લીંબુ, મોંસબી, સીતાફળ |
| એરલેયરીંગ | જૂન-જુલાઈ | લીંચી, ચેરી, લેમન |
| નૂતન કલમ | ફેબ્રુઆરીથી સપ્ટેમ્બર | આંબા, ચીકુ, કાજુ, સીતાફળ, જાંબુ |
| ટિશ્યુકલ્ચર | આખું વર્ષ થઈ શકે છે | કેળ, પપૈયા, ખારેક, સ્ટ્રોબરી |

**બીજ માવજત :** સખત આવરણવાળા ફળપાકોના બીજને ઠંડા તથા ગરમ પાણીની માવજત આપવાથી ઉગાવો સારો તથા ઝડપી થાય છે.

નર્સરીમાં પાક સંરક્ષણ માટે ક્યા પગલા લઈ શકાય ? નર્સરીમાં ફળઝાડના તંદુરસ્ત તથા સારી ગુણવત્તાવાળા રોપા તૈયાર કરવા માટે રોગ જીવાતનું યોગ્ય નિયંત્રણ કરવું જરૂરી છે. ફળઝાડ નર્સરીમાં સામાન્ય રીતે મોલોમશી, થ્રિપ્સ, સફેદમાખી, ચીટકો જેવી સુક્ષ્મ જીવાતો જોવા મળે છે જેના નિયંત્રણ માટે શોષક પ્રકારની જંતુનાશક દવા જેવી કે એસીફેટ (૦.૦૧ %), સ્પીનોસેટ (૦.૦૧ %), ફોસ્ફામીડોન ૦.૦૩ %, કાર્બોફ્યુરાન ૩જી, ડાયમીથોએટ ૦.૦૩ % જેવી દવાઓનો છંટકાવ કરવો જોઈએ. આ ઉપરાંત ઉધઈ તથા ધૈણના નિયંત્રણ માટે મીથાઈલ પેરાથીયોન ૫ % પાવડરનો ઉપયોગ કરવો. પાન કોરીયાની જીવાતના નિયંત્રણ માટે ડાયમીથીએટ ૦.૩ % નો છંટકાવ કરવો. નર્સરીમાં ધરૂનો કોહવારો, રોપાના મૂળનો સડો, સુકારો ડાળીનો ટોચનો સુકારો જેવા રોગ જોવા મળે છે. તેના નિયંત્રણ માટે બીજને ફુગનાશક દવાનો પટ આપવો તથા બાવીસ્ટીન, રીડોમીલ, મેન્કોઝેબ, ઝાયનેબ વગેરે ફુગનાશક દવાનો છંટકાવ કે ડ્રેન્ચીંગ કરવું. ઉનાળામાં સોઈલ સોલેરાઈઝેશન કરવાથી જમીન જન્ય રોગો, કૃમી તથા નિંદણનું મહદઅંશે નિયંત્રણ કરી શકાય છે. તદ્ઉપરાંત ટ્રાઈકોડર્માનો ઉપયોગ કરવાથી ફુગથી થતા જમીન જન્ય રોગો જેવા કે સુકારો, સડાનો રોગ વગેરેનું નિયંત્રણ જૈવિક પધ્ધત્તિથી કરી શકાય છે. **ઉપસંહાર :** આ રીતે શરૂઆતના દરેક તબક્કામાં પુરતી માવજત તથા વૈજ્ઞાનિક સુઝસમજથી ઉછેરેલા રોપા/કલમ તંદુરસ્ત તથા જુસ્સાવાળા મેળવી શકાય છે. આવા રોપા/ કલમ વેચાણ કરવાથી સારુ એવું વળતર પણ મળે છે. ખેડૂતો, જો આવા તંદુરસ્ત અને જુસ્સાવાળા રોપા/કલમો ફળવાડી બનાવવા માટે ઉપયોગ કરે તો તેઓ સારુ એવું ઉત્પાદન મેળવી વધુ નફો મેળવી શકે છે.

# આગ્રામાં ગેરકાયદેસર ધર્મ પરિવર્તન રેકેટ ચલાવતી ગેંગને પાકિસ્તાન સાથે સંબંધો હોવાનો ખુલાસો

(એચ.એસ.એલ),આગ્રા,તા.૨૭



ઉત્તર પ્રદેશના આગ્રામાં ગેરકાયદેસર ધર્મ પરિવર્તન રેકેટ ચલાવતી ગેંગના પાકિસ્તાન સાથે સંબંધો છે. આગ્રા પોલીસ કમિશનર દીપક કુમારે કહ્યું કે આ નેટવર્ક રાષ્ટ્રીય આંતરિક સુરક્ષા માટે ગંભીર ખતરો છે. આગ્રા પોલીસ અને દેશની અનેક એજન્સીઓ આ રેકેટની તપાસમાં રોકાયેલ છે. પોલીસ કમિશનરે કહ્યું કે કથિત ધર્મ પરિવર્તન રેકેટની તપાસમાં બહાર આવ્યું છે કે આ ગેંગને પાકિસ્તાનના કેટલાક લોકો સાથે સંબંધો છે, જેમણે યુવાનોને ઈસ્લામ ધર્મ અપનાવવા માટે પ્રભાવિત કરવામાં મદદ કરી હતી. આગ્રાથી ૩૩ અને ૧૮ વર્ષની બે બહેનોના ગુમ થવાની તપાસ બાદ ગયા અઠવાડિયે છ રાજ્યોમાંથી ૧૦ લોકોની ધરપકડ સાથે આ રેકેટનો પર્દાફાશ થયો હતો. સોશિયલ મીડિયા પર, આમાંથી એક મહિલાએ AK-૪૭ રાઈફલ પકડીને પોતાનો ફોટો પણ પોસ્ટ કર્યો હતો. આગ્રા ધર્મ પરિવર્તન કેસની તપાસ આગળ વધતાં વધુ ચાર લોકોની ધરપકડ કરવામાં આવી. શનિવારે, આગ્રા પોલીસ કમિશનર દીપક કુમારે જણાવ્યું હતું કે યુવાનોને ઈસ્લામ ધર્મમાં રૂપાંતરિત કરવા માટે ક્યારેક ઓનલાઈન ગેમ્સનો ઉપયોગ કરવામાં આવતો હતો.

# ડૉ. એપીજે અબ્દુલ કલામની પુણ્યતિથિ નિમિત્તે પીએમ મોદી, ગૃહમંત્રી શાહે પુષ્પાંજલિ આપી

નવીદિલ્હી,તા.૨૭



ભારત આજે તેના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ, 'મિસાઈલ મેન' અને ભારત રત્ન ડૉ. એપીજે અબ્દુલ કલામની પુણ્યતિથિ ઉજવી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ, યુપીના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ અને ઉત્તરાખંડના મુખ્ય પ્રધાન પુષ્કર સિંહ ધામીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર ડૉ. કલામને પુષ્પાંજલિ આપી. આ નેતાઓએ કલામ સાહેબના દૂરંદેશી નેતૃત્વ, વૈજ્ઞાનિક યોગદાન અને રાષ્ટ્ર નિર્માણમાં તેમના અજોડ કાર્યને યાદ કર્યું અને તેમને પ્રેરણાસ્ત્રોત ગણાવ્યા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એકસ પર લખ્યું, આપણા પ્રિય, ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એપીજે અબ્દુલ કલામને તેમની પુણ્યતિથિ પર પુષ્પાંજલિ. તેમને એક પ્રેરણાદાયક દૂરંદેશી, ઉત્કૃષ્ટ વૈજ્ઞાનિક, માર્ગદર્શક અને એક મહાન દેશભક્ત તરીકે યાદ કરવામાં આવે છે. રાષ્ટ્ર પ્રત્યેનું તેમનું સમર્પણ અનુકરણીય હતું. તેમના વિચારો ભારતના યુવાનોને વિકસિત અને સશક્ત ભારતની રચનામાં યોગદાન આપવા પ્રેરણા આપે છે.'કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે એકસ પર લખ્યું,' એક સ્વપ્નદ્રષ્ટા નેતા અને લોકોના રાષ્ટ્રપતિ, ડૉ. એપીજે અબ્દુલ કલામજીની પુણ્યતિથિ પર પુષ્પાંજલિ. વિજ્ઞાન પ્રયોગશાળાથી લઈને રાજકીય ક્ષેત્ર સુધી, તેમના વ્યાપક યોગદાનથી એક નવા અને વિકસિત ભારતનો પાયો નાખ્યો છે. તેઓ આવનારી પેઢીઓ માટે દીવાદાંડી બની રહેશે.

# રાજકોટમાં રાજેશ્રી ટોકિઝમાં ફિલ્મ જોવા બેઠેલા બે યુવકો બિયર સાથે ઝડપાયા

રાજકોટ,તા.૨૭



રાજકોટ શહેરના એ-ડિવિઝન પોલીસ મથકમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, લોધિકાના ખીરસરા ગામના ધવલ ખીમજી સાગઠીયાને ભુપેન્દ્ર રોડ પર રાજેશ્રી ટોકીઝની પાસે રોડ ઉપરથી રૂ. ૨૦૦ની કિંમતના ઈંગ્લિશ દારૂ બિયર ટીન ૧ સાથે ઝડપી લેવામાં આવ્યો છે. આ યુવાન પાસ-પરમિટ વગર દારૂ સાથે ઝડપાઈ જતા પ્રોહિબિશન કલમ હેઠળ પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. જોકે જે વીડિયો વાઈરલ થયો છે તેમાં સ્પષ્ટ એવું દેખાઈ રહ્યું છે કે, બે યુવાનો બિયરના ટીન સાથે રાજેશ્રી ટોકીઝમાં બેઠા છે. બંને યુવાનો પોતાની બેગમાંથી બિયરના ટીન કાઢી રહ્યા છે. મુવી જોવા આવેલા કોઈ એક વ્યક્તિના હાથે ઝડપાઈ ગયા બાદ બંને યુવાનોના હોશ ઉડી ગયા હતા. હાલ તો પોલીસે એક શખ્સ સામે ગુનો નોંધ્યો છે.

# ગાઝામાં યુધ્ધને કારણે અત્યાર સુધીમાં ૧૨૪ લોકોના ભૂખમરાથી મોત

તેલઅવીવ,તા.૨૭



ગાઝામાં ઈઝરાયલ-હમાસ યુદ્ધ શરૂ થયાને ૨૨ મહિના થઈ ગયા છે. આ યુદ્ધને કારણે અત્યાર સુધીમાં ૧૨૪ લોકો ભૂખમરાથી મૃત્યુ પામ્યા છે, જેમાંથી ૮૧ બાળકો છે. ફક્ત જુલાઈ મહિનામાં જ ૪૦ લોકો ભૂખમરાથી મૃત્યુ પામ્યા હતા, જેમાંથી ૧૬ બાળકો છે. પત્રકારોએ જણાવ્યું હતું કે ત્યાં ૫૦ ગ્રામ બિસ્કિટના પેકેટની કિંમત ૭૫૦ રૂપિયા છે.

રોકડ ઉપાડવા માટે ૪૫% સુધી કમિશન ચૂકવવું પડે છે. પરિસ્થિતિ એટલી ખરાબ છે કે લોકો મીઠું ખાઈને અને પાણી પીને જીવી રહ્યા છે. દક્ષિણ ગાઝાની સૌથી મોટી હોસ્પિટલ નાસિર હોસ્પિટલમાં કાર્યરત એક આરોગ્ય અધિકારી કહે છે કે ગાઝામાં દરેક વ્યક્તિ ભૂખમરાના સંકટનો સામનો કરી રહી છે. કુપોષણથી મૃત્યુ પામેલા બાળકોની સંખ્યા સતત વધી રહી છે. તેમનું કહેવું છે કે જ્યારે ગાઝામાં યુદ્ધ શરૂ થયું ત્યારે હવાઈ હુમલામાં ઘાયલ થયેલા લોકો સૌથી વધુ હોસ્પિટલમાં આવતા હતા, પરંતુ હવે તેમની જગ્યાએ કુપોષણથી પીડાતા બાળકો આવી ગયા છે.

# સુરતમાં ડુપ્લીકેટ મસાલાનું કૌભાંડ આચરતા ૪ લોકો ઝડપાયા

સુરત,તા.૨૭



સુરતમાં ડુપ્લીકેટ મસાલાનું કૌભાંડ ઝડપાયું છે. ઝોન ૨ પોલીસે દરોડા પાડી જથ્થો ઝડપ્યો છે. પ્રખ્યાત કંપનીના નામે વેચાણ કરતા હતા. પોલીસે દરોડા પાડી ૪ આરોપીને ઝડપી લીધા છે. પોલીસે કુલ રૂ.૨૪ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. શહેરમાં ડુપ્લીકેટ મસાલા કૌભાંડના આ બનાવમાં પોલીસે મસાલા પેકિંગ કરનાર ૪ વર્કર અને એક માલિક સહિત કુલ પાંચ લોકોને પોલીસે ઝડપી પાડ્યા છે. જેમાં પોલીસે વિનોદ રાજેન્દ્ર દાસ, કેલુ મુર્મ, વિનોદ પુના દાસ, સુરેન્દ્રકુમાર દાસ અને મલિક સુનિલ સોનીને પોલીસે ઝડપી પાડ્યા છે. પકડાયેલા ચારે પેકિંગ કરનાર વર્કરો છેલ્લા ૧ મહિનાથી કામ કરતા હતા. તથા મુખ્ય બે આરોપી સુનિલ સોની અને અનિલ ગોહેલ છે.

# દસક્રોઈમાં ૬ કલાકમાં ૯ ઈંચ વરસાદ ખાબકતા જળબંબાકાર

દસક્રોઈ,તા.૨૭



રાજ્યભરમાં મેઘરાજાએ આજે પોતાની તોફાની ઈનિંગ શરૂ કરી છે. સવારે ૬ વાગ્યાથી બપોરના ૧૨ વાગ્યા સુધીમાં રાજ્યના કુલ ૧૪૨ તાલુકામાં વરસાદ નોંધાયો છે, જેમાં અનેક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ પડ્યો છે. ખાસ કરીને અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકામાં મેઘરાજાએ દશા બગાડી નાખી છે. ૬ કલાકમાં ૯ ઈંચ વરસાદ ખાબકતા જળકરફ્યુ જેવી સ્થિતિ સર્જાઈ છે. અમદાવાદના દસક્રોઈમાં સૌથી વધુ ૯ ઈંચ વરસાદ નોંધાતા નીચાણવાળા વિસ્તારોમાં ઘર, દુકાનો અને રસ્તાઓ પર પાણી ફરી વળ્યા છે. અનેક વાહનો પાણીમાં ફસાઈ ગયા છે. સ્થાનિક તંત્ર દ્વારા પાણીના નિકાલ અને લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. ખેડાના મહેમદાવાદમાં ૬.૨૨ ઈંચ, કઠલાલમાં ૩.૮૬ ઈંચ, નડીયાદમાં ૩.૭૪ ઈંચ, માતરમાં ૩.૫૦ ઈંચ, અરવલ્લીના ભિલોડામાં ૩.૩૯ ઈંચ, બનાસકાંઠાના ભાભરમાં ૩.૨૩ ઈંચ, આણંદના ઉમરેઠમાં ૩.૦૩ ઈંચ, અમદાવાદના બાવળામાં ૨.૮૩ ઈંચ વરસાદ ખાબક્યો છે.

# ૨૦૦૦ વર્ષ જૂના શિવમંદિરને લઈ થાઈલેન્ડ-કંબોડીયા વચ્ચેના સંઘર્ષમાં ૩૩ના મોત

ન્યુ દિલ્હી,તા.૨૭



થાઈલેન્ડ અને કંબોડિયા વચ્ચે બે હજાર વર્ષ જૂના શિવ મંદિરને લઈને સંઘર્ષ ચાલુ રહ્યો હતો. આ સંઘર્ષમાં અત્યાર સુધીમાં ૩૩ લોકો માર્યા ગયા છે. કંબોડિયાના સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, લડાઈમાં તેના ૧૩ લોકો માર્યા ગયા છે. જેમાં ૮ નાગરિકો અને ૫ સૈનિકોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ૭૧ લોકો ઘાયલ થયા છે. તે જ સમયે, થાઈલેન્ડના ૨૦ લોકો પણ માર્યા ગયા છે. જેમાં ૧૪ નાગરિકો અને ૬ સૈનિકોનો સમાવેશ થાય છે.

કંબોડિયાએ થાઈલેન્ડ પર જાણી જોઈને હુમલો કરવાનો આરોપ લગાવ્યો છે અને કહ્યું છે કે થાઈ સૈન્ય તેની સાર્વભૌમત્વનું ઉલ્લંઘન કરી રહ્યું છે. કંબોડિયન વડાપ્રધાન હુન માનેટે શનિવારે દાવો કર્યો હતો કે મલેશિયાની મધ્યસ્થી હેઠળ ૨૪ જુલાઈની રાત્રે બંને દેશો યુદ્ધવિરામ પર સંમત થયા હતા, પરંતુ કરાર પર પહોંચ્યાના એક કલાકથી પણ ઓછા સમયમાં, થાઈલેન્ડે પોતાનું વલણ બદલ્યું અને કરારમાંથી ખસી ગયું. યુએન સુરક્ષા પરિષદની કટોકટીની બેઠકમાં, કંબોડિયાએ યુદ્ધ બંધ કરવાની માગ કરી છે.

# કોડીનારની પરમાર આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં કારગિલ વિજય દિવસ ઉજવાયો

કોડીનાર,તા.૨૭



તસવીર : ધર્મેશ પાઠક

કોડીનારની જે.એસ. પરમાર કોલેજ ખાતે કારગિલ વિજય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ ૨૬ જુલાઈના દિવસને યાદ કરીને યુદ્ધમાં શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. આ તકે વિદ્યાર્થીઓ દ્વારા શહીદોને શ્રદ્ધાંજલિરૂપે વકતવ્ય આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરાયા હતા. આ નિમિત્તે પીએલવી પ્રકાશ જે. મકવાણા, કોલેજના આચાર્ય પ્રો.બી.એસ. ઝણકાટ, એન.એસ.એસ. કોર્ડીનેટર ડો. હર્ષદ પટેલ, વીર દેદાજી સાયન્સ કોલેજના એસ.ઓ.ડી. રાજેશ બાંભણિયા, સ્ટાફ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

# કોડીનારના કૃષિ વિજ્ઞાન કેન્દ્રને બેસ્ટ પ્રેઝન્ટેશનનો એવોર્ડ મળ્યો


કોડીનાર,તા.૨૭



ભુજમાં ૨૦થી ૨૨ જુલાઈ દરમિયાન યોજાયેલા ઝોન ૮ ના કૃષિ વિકાસ કેન્દ્રના વાર્ષિક ઝોનલ વર્કશોપમાં કોડીનાર કેન્દ્રને શ્રેષ્ઠ પ્રેઝન્ટેશન એવોર્ડ મળ્યો હતો. આ વર્કશોપમાં વિવિધ ઉચ્ચ અધિકારીઓ અને મહાનુભાવોએ તમામ ૮૨ કેવિકેના પ્રગતિ અહેવાલ અને નોંધપાત્ર સિદ્ધિઓનું મૂલ્યાંકન કર્યું હતું. સમાપન સત્રમાં, હાજર ડીડીજી, એગ્રીકલ્ચર એક્સ્ટેન્શન, ડૉ. રાજવીર સિંહ પણ ઓનલાઈન કાર્યક્રમમાં જોડાયા અને કેવિકેના કાર્યની પ્રશંસા કરી હતી. આ એવોર્ડ મહાનુભાવોની હાજરીમાં કેવિકેના સિનિયર સાયન્ટિસ્ટ અને હેડ જિતેન્દ્ર સિંહને એનાયત કરાયો હતો.

# કોડીનારના ડોળાસા ગામે સિંહણ દ્વારા વાછરડાનું મારણ : ધોળા દિવસે શિકારથી ગ્રામજનોમાં ભય

કોડીનાર,તા.૨૭



કોડીનાર તાલુકાના ડોળાસા ગામે તા.૨૬ જુલાઈની વહેલી સવારે છ વાગ્યે એક સિંહણ નવાપરા વિસ્તારમાં ઘૂસી આવી અને એક વાછરડાનું મારણ કર્યું હતું. દિવસના પ્રકાશમાં રાની પશુઓ શિકાર કરવા લાગતા લોકોમાં ભય ફેલાયો છે. ડોળાસા ઉપરાંત બાજુમાં આવેલા બોડીદર, સોનપરા, અડવી, પાંચ પીપળવા, માલગામ, વેળવા, ફાફણી વગેરે ગામોમાં પણ રાની પશુઓ ઘૂસી ઢોરનું મારણ કરી રહ્યા છે, જેના કારણે લોકોમાં ભય છવાયો છે. લોકોનો ભય દૂર કરવા આ રાની પશુઓને જામવાળા જંગલખાતા દ્વારા પાંજરે પૂરવાની માંગ ઉઠી છે.

# ગીર સોમનાથ જિલ્લાની શાળાઓના વિદ્યાર્થીઓને ટીડી અને ડીપીટીની રસી અપાઈ

ગીર સોમનાથ,તા.૨૭



તસવીર : કૈલાશ ભટ્ટ

ગીર સોમનાથ જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા જિલ્લાની વિવિધ શાળાઓમાં અભ્યાસ કરતા ધો.૫ અને ધો.૧૦ના વિદ્યાર્થીઓને ટીડી અને ડીપીટીની રસી આપવામાં આવે છે. વેરાવળની એક ખાનગી સ્કૂલમાં આરોગ્ય વિભાગની ટીમ દ્વારા ધો.૫ અને ધો.૧૦ ના વિદ્યાર્થીઓને ટીડી અને ડીપીટીની રસી આપવામાં આવી હતી. જેથી કુલ વિવિધ શાળાઓમાં ૪૭૦ કરતા વધુ વિદ્યાર્થીઓને ટીડી અને ડીપીટીની રસી અપાઈ છે. જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારીના જણાવ્યા મુજબ, જિલ્લાની વિવિધ સરકારી, ખાનગી અને ગ્રાન્ટેડ શાળાઓમાં ધો.૫ના ૪૨૧ અને ધો.૧૦માં અભ્યાસ કરતા ૫૫ વિદ્યાર્થીઓને ટીડી અને ડીપીટીની રસી આપવામાં આવી છે. આ ડીપીટીની રસી જે ત્રિગુણી રસી તરીકે પણ ઓળખાય છે. જે ડિપ્થેરિયા, પરટ્યુસીસ (ઉટાટિયું ) અને ધનુરના રોગ સામે રક્ષણ આપે છે અને પાંચ વર્ષની ઉંમરે તેનો બુસ્ટર ડોઝ આપવામાં આવે છે. જે આ વર્ષથી સરકાર દ્વારા બાળવાટિકામાં ભણતા બાળકોને RBSK (રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ)ના માધ્યમથી શાળામાં જ આ રસીની સુવિધા આપવામાં આવી છે.

# SGVP અમદાવાદ ખાતે "કલાતીર્થ ટ્રસ્ટ" દ્વારા એવોર્ડ સમારોહ યોજાયો

અમદાવાદ,તા.૨૭




ભારતીય કલા અને સાંસ્કૃતિક સંપદાના જતન માટે કાર્યરત "કલાતીર્થ ટ્રસ્ટ" દ્વારા SGVP અમદાવાદ ખાતે ભવ્ય એવોર્ડ સમારોહ યોજાયો. ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્ય સચિવ પી. કે. લહેરીના અધ્યક્ષસ્થાને અને માધવપ્રિયદાસજી સ્વામીની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ સંપન્ન થયો. આ પ્રસંગે, ભારતીય કલા, શિલ્પો અને સ્થાપત્યોને ઉજાગર કરનારા ૧૦ કલાસાધકોને પન્નાબેન રસિકલાલ હેમાણી પુરસ્કૃત રોકડરાશિ (રૂ. ૨.૨૦ લાખ) સાથે "સંસ્કૃતિ સંવર્ધક સન્માન-૨૦૨૫" એનાયત કરાયું. અધ્યક્ષ રમણીક ઝાપડિયાએ જણાવ્યું કે, નવી પેઢીને સંશોધન ક્ષેત્રે પ્રોત્સાહિત કરવા "કલાતીર્થ સંસ્કૃતિ સંશોધન પ્રકલ્પ-૨૦૨૫" નું આયોજન કરાયું હતું. જેમાં ગુજરાતભરની યુનિવર્સિટીઓના ૧૩ શ્રેષ્ઠ મહાનિબંધોને વિજેતા જાહેર કરી શ્રીમતી પન્નાબેન હેમાણી પુરસ્કૃત રોકડ પુરસ્કારોથી સન્માનિત કરાયા. આ પ્રસંગે નિસર્ગ આહિર દ્વારા સંપાદિત "કલા - અન્વેષણા" સંશોધનગ્રંથ અને "અક્ષરયાત્રા- ધન્ય ધરોહર" ડાયરીનું લોકાર્પણ પણ કરવામાં આવ્યું. આ ગ્રંથોનું લોકાર્પણ વી.એસ. ગઢવી સાહેબ, કુમારપાળ દેસાઈ, દેવેન્દ્રભાઈ શાહ અને ભાગ્યેશ જહાના હસ્તે થયું હતું.

## વૃધ્ધ દંપતી જાગી જતા કોષના ઘા મારી પતાવી દીધા

# વડીયાના ઢુંઢિયા પીપળીયા ગામે ડબલ મર્ડરનો ભેદ ઉકેલાયો

**મયુર પંડયા**
અમરેલી,તા.૨૭

વડીયા તાલુકાના ઢુંઢિયા પીપળીયા ગામનો સૂરજ તા.૧૮ની વહેલી સવારે ગામમાં બનેલી દર્દનાક ઘટનાને લઈ ઉગ્યો હતો. કારણ કે તા.૧૭ની મધ્યરાત્રિએ ગામમાં વયોવૃધ્ધ દંપતીની હત્યા કરવામાં આવી હોવાની ગ્રામજનોને જાણ થતા સમગ્ર વડીયા પંથક સહિત અમરેલી જિલ્લામાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. ગામના વયોવૃધ્ધ દંપતીની નિર્મમ હત્યાથી આખા ગામમાં શોક સાથે રોષનો માહોલ છવાયો હતો. જો કે અમરેલી જિલ્લા પોલીસે માત્ર ૮ દિવસમાં જ ડબલ મર્ડરની ઘટનાનો ભેદ ઉકેલી નાખ્યો છે. માત્ર ૮ દિવસમાં ગુનાનો ભેદ ઉકેલાઈ જતા અમરેલી જિલ્લા પોલીસ પર અભિનંદનની વર્ષા થઈ રહી છે. અમરેલી જિલ્લા પોલીસ વડાએ પ્રેસ કોન્ફરન્સમાં આરોપીઓને રજૂ કરી માહિતી આપી હતી કે, તા.૧૭ની મધ્યરાત્રિએ વડીયા તાલુકાના ઢુંઢિયા પીપળીયા ગામે રહેતા ચકુભાઈ રાખોલીયાના મકાનમાં કોઈ અજાણ્યા ઈસમો ચોરી કરવાના ઈરાદે ગેરકાયદેસર રીતે ઘરમાં પ્રવેશ્યા હતા. ચકુભાઈ તથા તેમના પત્ની કુંવરબેન બંને સુતા હોય તે દરમિયાન અજાણ્યા ચોર ઈસમોએ તિક્ષ્ણ હથિયાર વડે કુંવરબેનના માથામાં ગંભીર ઈજા કર્યા બાદ ચકુભાઈના માથા પર પણ ગંભીર હુમલો કરી મોતને ઘાટ ઉતારી દીધા હતા. વૃધ્ધ દંપતીની હત્યા કર્યા બાદ અજાણ્યા ચોર ઈસમોએ મકાનના રૂમમાં લોખંડના કબાટનું તાળુ તોડી અને કબાટમાંથી રોકડ રકમ રૂ. બે લાખની લૂંટ કરી નાસી ગયા હતા. જે અંગે મરણ જનારના દીકરા હસમુખભાઈ રાખોલીયાએ વડીયા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. ઢુંઢિયા પીપળીયામાં ડબલ મર્ડરની ઘટના બનતા અમરેલી જિલ્લા પોલીસ પણ ચોંકી ગઈ હતી તેમજ ડબલ મર્ડરની ઘટનાથી આખા જિલ્લામાં હાહાકાર મચી ગયો હતો. કોઈપણ ભોગે હત્યારાઓને પકડવા માટે ભાવનગર રેન્જ આઈજીપી ગૌતમ પરમારે અમરેલી જિલ્લા પોલીસને સૂચના આપી હતી. જેથી અમરેલી જિલ્લા પોલીસ વડા સંજય ખરાત દ્વારા તાત્કાલિક ઘટના સ્થળની મુલાકાત લેવામાં આવી હતી. પોલીસે ટીમ બનાવી હત્યારાઓને ઝડપવા માટે શોધખોળ આદરી હતી. પોલીસે ૮ દિવસની મહેનત બાદ ઢુંઢિયા પીપળીયા ગામે થયેલી લૂંટ વિથ ડબલ મર્ડરના આરોપીઓને પકડી પાડવામાં સફળતા મેળવી હતી. પોલીસે લૂંટ વિથ ડબલ મર્ડરની ઘટનામાં કુલ ચાર આરોપીઓને ઝડપી પાડ્યા હતા. પોલીસે આ ગુનાનો ભેદ ગણતરીના દિવસોમાં જ ઉકેલી નાખતા અમરેલી જિલ્લા પોલીસ પર અભિનંદનની વર્ષા થઈ રહી છે.

## ગામના ત્રણ શખ્સોએ પરપ્રાંતીય સાથે મળી હત્યાને અંજામ આપ્યો

### પડકાયેલ આરોપીઓની વિગત

ઢુંઢિયા પીપળીયા ગામે રહેતા ચકુભાઈ અને તેમના પત્ની કુંવરબેનની હત્યા તેમના ગામના ત્રણ શખ્સો અને એક પરપ્રાંતીય મળી ચાર શખ્સોએ સાથે મળી કરી હતી. હત્યારાઓમાં બે સગા ભાઈઓ સામેલ છે. જેમાં હત્યાનો મુખ્ય સુત્રધાર રામજી ઉર્ફે બાલો પ્રાગજીભાઈ સોલંકી ઉં.વ. ૨૫ રહે. ઢુંઢિયા પીપળીયા, આશિષ ઉર્ફે બાવ પ્રાગજીભાઈ સોલંકી ઉં.વ. ૨૨ રહે. ઢુંઢિયા પીપળીયા, અનીલ કેશુ સોલંકી ઉં.વ. ૨૫ રહે. ઢુંઢિયા પીપળીયા અને મીઠુ ઉર્ફે રામસિંગ પીડીયાભાઈ મુહા રહે. બડી ઢેબર, મુ. મુંહા ફળીયુ, તા.જિ. જામ્બુઆ(મધ્યપ્રદેશ) વાળાને પોલીસે દબોચી લીધા હતા. પોલીસે તમામ આરોપીઓની કડક ભાષામાં પૂછપરછ કરતા તમામે લૂંટ વિથ મર્ડરની ઘટનાને અંજામ આપ્યો હોવાની કબુલાત કરી હતી.



### આરોપીઓનો ગુનાહિત ઈતિહાસ સામે આવ્યો

ઢુંઢિયા પીપળીયા ગામે વૃધ્ધ દંપતીની હત્યા કરનાર મુખ્ય સુત્રધાર બાલાનો ગુનાહિત સામે આવ્યો છે. જેમાં બાલા સામે વડીયા પોલીસમાં પ્રોહિબિશનના ચાર ગુના નોંધાયેલા છે. જયારે અનિલ ઉર્ફે અનકો કેશુ સોલંકી સામે ભેસાણ પોલીસ સ્ટેશનમાં જુગારધારા હેઠળનો ગુનો નોંધાયેલો છે તેમજ આશિષ ઉર્ફે બાવ પાગાભાઈ સોલંકી સામે પણ વડીયા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનનો ગુનો નોંધાયેલો હોવાનુ પોલીસ તપાસમાં સામે આવ્યુ છે.

### આરોપીઓને ઝડપવા ૫૦થી વધુનો પોલીસ સ્ટાફ જોડાયો

ઢુંઢિયા પીપળીયા ગામે વૃધ્ધ દંપતીની હત્યા બાદ ગ્રામજનોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. જિલ્લા પોલીસ વડા સંજય ખરાત દ્વારા ગુનાની ગંભીરતા સમજી કોઈપણ ભોગે આરોપીઓ ઝડપાઈ જાય તે માટે અમરેલી એલસીબી, એસઓજી, પેરોલ સ્ક્વોર્ડની ટીમ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી. ડીવાયએસપી ચિરાગ દેસાઈ દ્વારા સમગ્ર ટીમનું સુપરવિઝન કરવામાં આવ્યુ હતું. આ તપાસમાં અમરેલી જિલ્લા પોલીસના ૪થી વધુ પીઆઈ અને પીએસઆઈ સહિત ૫૦થી વધુ પોલીસની ટીમ જોડાઈ હતી.

### ગ્રામજનોએ સુત્રોચ્ચાર સાથે રેલી યોજી હતી

સમગ્ર અમરેલી જિલ્લામાં ચકચાર મચાવતી ડબલ મર્ડરની ઘટના નાનકડા એવા ગામમાં બનતા ગ્રામજનોનો રોષ ચરમસીમાએ પહોંચ્યો હતો. વૃધ્ધ દંપતીની લાશને વડીયા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતા ગ્રામજનોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. આરોપીઓને ૧૦ દિવસમાં પકડવાની ઉગ્ર માંગ કરી હતી. જો કે ગ્રામજનોએ આપેલા ૧૦ દિવસના અલ્ટીમેટમ પહેલા જ માત્ર ૮ દિવસમાં ડબલ મર્ડરના આરોપીને ઝડપી હવાલાત પાછળ ધકેલી દીધા હતા.

### ગામમાં સીસીટીવી ન હોવાને કારણે મુશ્કેલી પડી : એસ.પી. સંજય ખરાત

ઢુંઢિયા પીપળીયા ગામે થયેલા ડબલ મર્ડરના ભેદને ઉકેલવા માટે ગામમાં સીસીટીવી ન હોવાને કારણે ખુબ જ મુશ્કેલી ઉભી થઈ હતી. જેથી જિલ્લાના દરેક ગામોના સરપંચોને જિલ્લા પોલીસ વડા સંજય ખરાતે અનુરોધ કર્યો હતો કે દાતાઓના સહકારથી દરેક ગામમાં સીસીટીવી નાખવામાં આવે તો આવા ગુનાના ભેદ ઉકેલવામાં પોલીસને સરળતા રહે. કારણે ગામના મુખ્ય રસ્તાથી કોઈ આવે કે જાય તો પોલીસને ખબર પડે.

### વૃધ્ધ ઓળખી જતા ચારેય જણાએ ઢીમ ઢાળી દીધું

**હત્યાનો મુખ્ય સુત્રધાર રામજી ઉર્ફે બાલો તેમજ તેના ભાઈ આશિષ સહિત ચાર લોકોએ વૃધ્ધ ચકુભાઈના ઘરે ચોરીનો પ્લાન બનાવ્યો હતો. જેથી ચારેય ઈસમો તા.૧૭ના રોજ રાત્રિના ૧૨ વાગ્યા પછી ચકુભાઈના ઘરની દિવાલ ટપી અંદર ગયા હતા. મકાનની અંદર ટ્રેક્ટરમાં ઉપયોગ કરવાની કોષ રાખેલ હોય તેનાથી મકાનના રૂમનું તાળુ તોડતા ચકુભાઈ જાગી ગયા હતા અને બાલાને જોઈને કહેલ કે તું પાગાનો છોકરો જ છો ને! જેથી બાલાએ અન્ય ઈસમોને કહેલ કે આ આપણને ઓળખી ગયેલ છે જેથી આને મારવો પડશે તેમ કહી બાલાએ ચકુભાઈને માથામાં કોષનો ઘા મારતા ચકુભાઈ લોહીલુહાણ હાલતમાં ઢળી પડયા હતા. હુમલા બાદ બાજુના ખાટલામાં સુતેલા કુંવરબેન જાગી જતા મીઠુએ કુંવરબેનને પકડી રાખી આશિષે કુંવરબેનને પણ કોષના ઘા મારી પતાવી દીધા હતા.**

### પોલીસે ૨૦ કિ.મી. વિસ્તારના સીસીટીવી ફંફોળ્યા

ઢુંઢિયા પીપળીયામાં થયેલા ડબલ મર્ડરના આરોપીને પકડવા માટે અમરેલી પોલીસની જુદી-જુદી ટીમ દ્વારા ગામથી લઈ છેક ૨૦ કિ.મી. દુર સુધીના સીસીટીવી ફંફોળ્યા હતા. શંકાસ્પદ તમામ ઈસમોની ગતિવિધીઓ તપાસી હતી. બનાવના દિવસે રોડ-રસ્તા પરથી પસાર થતા તમામ વાહનોને ચેક કરવામાં આવ્યા હતા. જે શંકાસ્પદ ઈસમો સીસીટીવીમાં દેખાયા હતા તે તમામ ઈસમોની પૂછપરછ કરવામાં આવી હતી.

### ટેકનીકલ સોર્સ અને બાતમીદારોના નેટવર્કથી આરોપીઓ ઝડપાયા

૫૦થી વધુ પોલીસ કર્મચારીઓએ ડબલ મર્ડરના આરોપીઓને ઝડપી પાડવા બનાવના દિવસથી જ મહેનત કરી હતી. જો કે પોલીસે ટેકનીકલ સોર્સ અને બાતમીદારોને પણ કામે લગાડયા હતા. બાતમીદારોના જણાવ્યા મુજબ શંકાસ્પદ ઈસમ વિશે માહિતી મળતા પોલીસે આ ઈસમની પૂછપરછ કરતા હાવભાવમાં ફેરફાર થતો હોવાની પોલીસે નોંધ લીધી હતી. જો કે તે સમયે પોલીસે તેને જવા દીધો હતો પરંતુ પોલીસ તેની ઉપર નજર રાખી રહી હતી.

### આજે ઢુંઢિયા પીપળીયા ગામે આરોપીઓનું રિ-કન્ટ્રકશન કરાશે

વડીયાના ઢુંઢિયા પીપળીયા ગામે વૃધ્ધ દંપતીની નિર્મમ હત્યા કર્યા પછી આરોપીઓ પોલીસના હાથે ઝડપાઈ ચુક્યા છે ત્યારે આરોપીઓ કઈ રીતે દિવાલ ઠેકી ઘરમાં પ્રવેશ્યા સહિતની ઘટનાનું વડીયા પોલીસ દ્વારા રિ-કન્ટ્રકશન કરાવવામાં આવશે.

### હત્યા કર્યા બાદ ઈલેક્ટ્રીક સગડી લઈ નાસી ગયા

**ઢુંઢિયા પીપળીયા ગામે ચારેય હત્યારાઓએ વૃધ્ધ દંપતીની હત્યા કર્યા બાદ તેમની લાશને ખાટલામાં રહેવા દઈ રસોડામાંથી ઈલેક્ટ્રીક સગડી મળતા આ સગડી અને લોહીવાળી કોષ લઈ દિવાલ કૂદી નાસી ગયા હતા અને અવાવરૂ જગ્યાએ સગડી અને લોહીવાળી કોષ ફેંકી દીધા હતા.**

### આરોપી બાલો વૃધ્ધના ખેતરે દવા છાંટવાનું કામ કરી ચુક્યો છે

**અમરેલી જિલ્લા પોલીસ વડા સંજય ખરાતે માહિતી આપતા જણાવ્યું હતું કે, આરોપી બાલો અગાઉ વૃધ્ધ ચકુભાઈના ખેતરમાં દવા છાંટવાનું કામ કરતો હતો અને બાલાને મજૂરીના પૈસા લેવાના પણ બાકી હતા. આરોપી બાલાના પરિવારને અને ચકુભાઈને એકબીજા સાથે સારી ઓળખાણ પણ હતી.**

### આરોપીયો રાજકોટ, બોટાદ, મધ્યપ્રદેશ ભાગી ગયા હતા

હત્યા કર્યા બાદ હત્યારાઓ પોલીસથી બચવા માટે બોટાદ, રાજકોટ અને મધ્યપ્રદેશ ભાગી ગયા હતા. પોલીસને જાણવા મળ્યું કે ગામમાંથી બે-ત્રણ ઈસમો બનાવ બન્યા બાદ દેખાતા નથી જેથી પોલીસને આ ઈસમો પર શંકા વધુ દ્રઢ બની હતી અને પોલીસની જુદી-જુદી ટીમ આરોપીઓને શોધવા જે તે ગામ ગઈ હતી.

### આરોપીઓને ઝડપવા પરપ્રાંતીય મજૂરોની પૂછપરછ કરી

ઢુંઢિયા પીપળીયા ગામે થયેલી ડબલ મર્ડરની ઘટનામાં પ્રાથમિક તબક્કે પરપ્રાંતીય શખ્સોની સંડોવણી હોવાનું પોલીસ માની રહી હતી જેથી પોલીસે હત્યારાઓ કોણ છે તે બાબતે વડીયા પંથકમાં કામ કરતા પરપ્રાંતીય શખ્સોની ઉંડાણપૂર્વક પૂછપરછ કરી હતી. સાથોસાથ છોટા ઉદેપુર, દાહોદ તરફ જતી ખાનગી અને સરકારી બસમાં પણ તપાસ કરવામાં આવી હતી. આખરે ૮ દિવસની મહેનત બાદ ત્રણ આરોપીઓ ગામના જ હોવાનું સામે આવ્યું હતું.